ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાું.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026



# સાપ્તાહિક શાહીન

**Shaheen Gujarati WEEKLY**

પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

Vol No.: 52 • Issue No.: 07 • Date: 23-01-2025 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00
Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

## લોસ એન્જલસની આગ



(ન્યૂઝ ડેસ્ક) લોસ એન્જલસમાં લાગેલી તાજેતરની આગના દશ્યોએ ફરી એકવાર દુનિયાભરમાં ભયાનક તબાહીની યાદ તાજી કરી દીધી છે. અમેરિકાની આ આગ જે એક કુદરતી આફત તરીકે દેખાય છે, કેટલીકવાર માનવીય બેદરકારી અને નીતિઓના પરિણામે ભયાનક કહેર બની જાય છે. લોસ એન્જલસ જેવા એક આધુનિક અને વિકસિત શહેરમાં લાગેલી આ આગ માત્ર પર્યાવરણીય બેદરકારી જ દર્શાવતી નથી, બલ્કે તેની પાછળ એવી નીતિઓ અને પગલાંની ગૂંજ પણ સંભળાય છે જે અમેરિકન સમાજના ઊંડાણમાં રહેલ અન્યાયોની પ્રતીક છે. લોસ એન્જલસમાં લાગેલી આ આગના દશ્યો માત્ર કુદરતી આફતોની તબાહીઓની વાત નથી કરતા બલ્કે અમેરિકન સમાજ અને અમેરિકા રાજ્યની નીતિઓની ખામીઓને પણ બેનકાબ કરે છે. આગની આ જ્વાળાઓએ માત્ર વૃક્ષો અને મકાનોને ભસ્મીભૂત કર્યા નથી બલ્કે તે એક સમગ્ર સંસ્કૃતિના એવા વર્તનનું પ્રતીક છે જે પોતાના લોભ અને શક્તિના નશામાં પોતાના જ પાયાને બાળી રહી છે.

લોસ એન્જલસની આગને માત્ર એક કુદરતી આફત તરીકે ન ગણી શકાય, પરંતુ તેની પાછળ પર્યાવરણીય પરિવર્તનના એવા ચિહ્નો જોવા મળે છે જેને અમેરિકન સરકાર અને કોર્પોરેટ જગત દાયકાઓથી અવગણી રહ્યું છે. જંગલોમાં આગ લાગવી, વધતું તાપમાન અને દુષ્કાળ એ વાતનો પુરાવો છે કે અમેરિકા અને આવા જ મોટા ઔદ્યોગિક દેશોએ પર્યાવરણના સંરક્ષણને બદલે પોતાના કોર્પોરેટ હિતોને પ્રાથમિકતા આપી છે.

અમેરિકા દુનિયામાં સૌથી વધુ કાર્બન ઉત્સર્જન કરનારા દેશોમાં સામેલ છે. આ ઉત્સર્જન કુદરતી પર્યાવરણીય સિસ્ટમને તબાહ કરી રહ્યું છે, પરંતુ સરકાર અને મોટી કંપનીઓ પર્યાવરણના સંરક્ષણને બદલે પોતાના વ્યાપારિક હિતો માટે સતત એવા પ્રોજેક્ટ બનાવી રહી છે જે વધુ નુકસાનકારક સાબિત થઈ રહ્યા છે. લોસ એન્જલસની આગ આ જ બેદરકારીનું પરિણામ છે, જેમાં કુદરતી સંસાધનોના સંરક્ષણ માટે વ્યવહારિક પગલાં લેવાને બદલે ફક્ત વચનો આપવામાં આવ્યા છે.

લોસ એન્જલસમાં આગથી પ્રભાવિત વિસ્તારોનું નિરીક્ષણ કરવામાં આવે તો આ સ્પષ્ટ થાય છે કે સૌથી વધુ નુકસાન તે લોકોને થયું છે જે પહેલેથી જ સંસાધનોની અછતનો શિકાર છે. પૂંજીવાદી વ્યવસ્થાએ સમગ્ર પર્યાવરણને એક વ્યાપારિક માલમાં બદલી નાખી છે, જ્યાં જમીન, પાણી અને હવાને પણ પૈસા કમાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

લોસ એન્જલસ જેવા શહેરોમાં મોટા ઉદ્યોગપતિઓ માટે પર્યાવરણ સંરક્ષણના કાયદા માત્ર એક ઔપચારિકતા બની ગયા છે, જ્યારે ગરીબ લોકોએ આ જ કાયદાઓનું ઉલ્લંઘન કરવાનો ભોગ ભરવો પડે છે. આગ લાગ્યા પછી થયેલા નુકસાનની ભરપાઈ માટે સરકારી સહાય મોટાભાગે તે વર્ગો સુધી પહોંચતી નથી જે સૌથી વધુ પ્રભાવિત થાય છે. આ પરિસ્થિતિ અમેરિકન સમાજના અસ્તિત્વમાં રહેલ ઊંડા વર્ગીય વિભાજનને સ્પષ્ટ કરે છે, જ્યાં ધનિક વર્ગ પર્યાવરણીય મુદ્દાઓથી પોતાને સુરક્ષિત રાખવામાં સફળ થાય છે જ્યારે ગરીબ લોકો તેના શિકાર બને છે.

લોસ એન્જલસની આ આગને અમેરિકન વિશ્વવ્યાપી લૂંટફાટની વિશાળ તસવીરથી અલગ કરી શકાય નહીં. નિશ્ચિતપણે આપણે આ ઘટનાને દૈવી આફતના એક સ્વરૂપ તરીકે ગણીને પીડિત લોકોને પોતાની સહાનુભૂતિથી વંચિત રાખવા જોઈએ નહીં. પરંતુ અમેરિકન સરકાર અને લોકોએ પણ આ અવસરે આ વિચાર કરવો જોઈએ કે આ એ જ શક્તિશાળી રાષ્ટ્ર છે જે વિશ્વના વિવિધ દેશોમાં યુદ્ધો, સૈન્ય કાર્યવાહી અને સંસાધનોના શોષણ દ્વારા તબાહી મચાવતી રહી છે. ઈરાક, અફઘાનિસ્તાન, સીરિયા અને યમન જેવા દેશો અમેરિકન સૈન્ય કાર્યવાહીના પરિણામે બળી રહ્યા છે.

(અનુસંધાન 5મા પાને)

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેક્ટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિકવન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોનઃ ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૯૫૧૩
પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અહમદઆબાદ

## JIHની CACની બેઠકમાં પસાર કરવામાં આવેલ ઠરાવો




નવી દિલ્હીઃ તમિલનાડુના યેલાગિરીમાં ૭ થી ૯ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન યોજાયેલી જમાઅતે ઈસ્લામી હિંદની કેન્દ્રીય સલાહકાર સમિતિ (મજલિસ-એ-શૂરા - CAC)ની બેઠકમાં નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

**રાષ્ટ્રીય મુદ્દાઓઃ** જમાઅતે ઈસ્લામી હિંદની સેન્ટ્રલ એડવાઈઝરી કાઉન્સિલ દેશની વર્તમાન સાંપ્રદાયિક અને આર્થિક પરિસ્થિતિ પર તેની ઊંડી ચિંતા વ્યક્ત કરે છે. આ મિટિંગ દર્શાવે છે કે વર્તમાન સરકાર જનતા દ્વારા સામનો કરવામાં આવતી વાસ્તવિક સમસ્યાઓને સંબોધવાને બદલે વિભાજનકારી અને અપ્રસ્તુત મુદ્દાઓને મહત્ત્વના રાષ્ટ્રીય મુદ્દાઓનો રંગ આપીને, તેમને પ્રાથમિકતા આપીને તેની આડમાં પોતાના રાજકીય એજન્ડાને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. "વન નેશન, વન ઈલેક્શન," "વક્ફ એમેન્ડમેન્ટ બિલ" અને "યુનિફોર્મ સિવિલ કોડ" જેવી દરખાસ્તો આ વ્યૂહરચનાનો ભાગ છે. આવા પગલાઓ દ્વારા, શાસક પક્ષ ઉચ્ચ મોંઘવારી, વધતી બેરોજગારી, કથળતી કાયદો અને વ્યવસ્થા અને મણિપુરમાં લાંબી હિંસા જેવા મહત્ત્વના અને ગંભીર મુદ્દાઓથી લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે. આ પડકારો સામાન્ય નાગરિકોના જીવનને વધુ ને વધુ મુશ્કેલ બનાવી રહ્યા છે.

સેન્ટ્રલ એડવાઈઝરી કાઉન્સિલની બેઠક આ પણ ખેદ વ્યક્ત કરે છે કે દેશના વિવિધ ભાગોમાં કેટલાક નફરત ફેલાવનારા તત્ત્વો મસ્જિદોની નીચે અથવા તેમના પરિસરમાં મંદિરોના અવશેષો શોધવાનું કાવતરૂં કરી રહ્યા છે. ધર્મસ્થાનોને રક્ષણ આપતા કાયદાઓ હોવા છતાં નવા વિવાદો ઊભા કરવામાં આવી રહ્યા છે. પોલીસ અને પ્રશાસન દ્વારા ઘૂસણખોરીના બહાના હેઠળ નિર્દોષ મુસ્લિમોને હેરાન કરવામાં આવી રહ્યા છે. આવી પાયાવિહોણી વાતોનો રાજકીય પ્રચાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે અને દેશમાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ રહી છે.

સેન્ટ્રલ એડવાઈઝરી કાઉન્સિલ આ મુદ્દાઓને ગંભીરતાથી લેવા, તેના ઉકેલ માટે ન્યાય-આધારિત પગલાં અપનાવવા અને લઘુમતીઓને દેશના વિકાસ અને પ્રગતિમાં યોગદાન આપવા માટે યોગ્ય તકો પૂરી પાડવા સરકારને ભારપૂર્વક વિનંતી કરે છે. વધુમાં, કાઉન્સિલ સરકારને બિનજરૂરી મુદ્દાઓમાં જનતાને ફસાવવાથી દૂર રહેવાની અપીલ કરે છે જે ન તો દેશ કે ન જ તેના લોકોના હિતોની સેવા કરે છે પરંતુ તેના બદલે ગંભીર અને કાયમી નુકસાન પહોંચાડે છે.

**વિશ્વભરમાં લઘુમતી અધિકારો પર ભારઃ** સેન્ટ્રલ એડવાઈઝરી કાઉન્સિલ સમગ્ર વિશ્વમાં લઘુમતી અધિકારોની સુરક્ષાના મહત્ત્વ પર ભાર મૂકે છે. બાંગ્લાદેશમાં હિંદુ લઘુમતીની કથિત સ્થિતિ પણ ચિંતાનો વિષય છે. કાઉન્સિલ સરકારોને અપીલ કરે છે કે તેઓ ધર્મના આધારે તેમના નાગરિકો વચ્ચે ભેદભાવ કરવાથી દૂર રહે, તમામ રહેવાસીઓ માટે મૂળભૂત અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કરે અને તેમના સંબંધિત દેશોમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા અસરકારક અને વ્યવહારુ પગલાં લે.

(અનુસંધાન બીજા પાને)




# ઇઝરાયલ-ફલસ્તીન યુદ્ધ કરાર, અને ભવિષ્યની ચિંતાઓ

ગાઝામાં ઈઝરાયલ અને પેલેસ્ટિનિયન જૂથ હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરાર અમલમાં આવ્યો છે, જેના કારણે ૧૫ મહિનાના વિનાશક યુદ્ધ પછી શરણાર્થી કેમ્પમાં રહેતા ૨૦ લાખથી વધુ પેલેસ્ટિનિયનોને થોડી રાહત મળી છે. ૧૯ જાન્યુઆરી, રવિવાર સવારથી યુદ્ધવિરામ કરાર અમલમાં આવ્યો, જેનાથી પેલેસ્ટિનિયનોમાં ખુશીની લહેર દોડી ગઈ છે. આ યુદ્ધમાં અત્યાર સુધી ૪૬,૯૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, જેમાં બાળકો અને મહિલોઓની સંખ્યા વધુ છે. ગાઝા અને રફાહનો મોટો ભાગ કાટમાળમાં ફેરવાઈ ગયો છે. ઘેરાયેલા વિસ્તારનો મોટો ભાગ તોડી પાડવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રના આંકડાઓ અનુસાર, ૭ ઓક્ટોબર, ૨૦૨૩ થી યુદ્ધ શરૂ થયું ત્યારથી સમગ્ર ગાઝામાં ૬૦ ટકાથી વધુ ઈમારતો અને ૬૫ ટકા રસ્તાઓ નાશ પામ્યા છે. યુએનની માનવતાવાદી એજન્સી (OCHA)ના અહેવાલ મુજબ, "૪૨ મિલિયન ટનથી વધુ કાટમાળ પેદા કરવામાં આવ્યો છે, જેની અંદર માનવ અવશેષો અને અનએક્સ્પ્લોડ ઓર્ડિનન્સ (UXO), એસ્બેસ્ટોસ અને અન્ય જોખમી પદાર્થો દફનાવવામાં આવ્યા છે.

યુદ્ધવિરામની ઘોષણા થતા સેંકડો પરિવારો તેમના થોડાઘણા સામાન લઈને રફાહ તરફ પાછા ફરી રહ્યા હતા અને એક નવી આશા અને જુસ્સા સાથે તેમના ખંડેર બનેલા ઘરો ઉપર પડાવ નાખી રહ્યા છે. છતાં અમુક પરિવારો એવા પણ છે જેમના ઘર રહેવા યોગ્ય ન હોવાથી અત્યારે વધુ સમય માટે કેમ્પમાં રહેવું પડશે. એવી જ એક વ્યક્તિ કહે છે કે "અમે વિચાર્યું હતું કે અમે આખરે તંબુઓમાંથી નીકળી ફરીથી ઘરોની અંદર રહીશું પણ રફાહ તો રહ્યું જ નથી. હવે એક નવા પ્રકારની પડકારનો સામનો છે. આ વખતે, બોમ્બથી નહીં પરંતુ જીવનની આવશ્યક ચીજવસ્તુઓની સંપૂર્ણ ગેરહાજરીથી થનારો વિનાશનો ડર છે. કેટલાક પરિવારો આવી પરિસ્થિતિમાં પણ **We will rebuild, We will live** જેવા સુત્રોચાર સાથે પોતાનો ઉત્સાહ દર્શાવી રહ્યા છે. કેટલાક કહી રહ્યા છે કે જો જરૂરી હોય તો અમે દૂરથી પાણી લઈ જઈશું." અમે તંબુઓ સાથે રહ્યા છીએ એ જ રીતે રફાહમાં રહીશું. મ્યુનિસિપલ કામદારો રસ્તાઓ સાફ કરવા, પાણી પુનઃસ્થાપિત કરવા અને વિસ્ફોટ ન થયેલા ઓર્ડનન્સના જોખમોને દૂર કરવા માટે સખ્ત મહેનત કરી રહ્યા છે સાથે જ ઉતાવળા પાછા ફરવા સામે ચેતવણી પણ આપી રહ્યા છે.

આ યુદ્ધવિરામ ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ માટે આત્મવિલોપન જેવું છે કેમકે તેઓ એક વર્ષથી હમાસના વિનાશ વિના યુદ્ધનો અંત નહીં કરવાની વાત કરતા આવ્યા છે, તેથી ગાઝામાં યુદ્ધના અંત માટે સંમત થવાનો સતત ઈનકાર કરતા હતા. અત્યારે યુદ્ધવિરામના લીધે બેન્જામિન સરકારને આંતરિક વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે જેમાં રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઈટામર બેન-ગફિર મુખ્ય છે. નાણા પ્રધાન બેઝાલેલ સ્મોટ્રિક કરાર સાથે આગળ વધવા માટે તૈયાર છે પરંતુ પ્રથમ ચરણ સુધી જ. અને ધાર્મિક ઝિઓનિઝમ પાર્ટી તેમના સભ્યોને સરકારમાંથી રાજીનામું આપવાની ધમકી આપી રહ્યા છે. આ યુદ્ધ કરારમાં ઈજિપ્ત, કતાર અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડન અને આવનારા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અન્ય આંતરરાષ્ટ્રીય પાત્રોની મહત્વની ભૂમિકા છે. શક્ય છે આવનારા દિવસોમાં કોઈ દાવપેચ કરવા સમય લેવા આ કરારને આગળ વધાવવામાં આવ્યું હોય. કેમકે સમગ્ર દુનિયામાં દિવસેદિવસે લોકો ઈઝરાયેલના નરસંહાર સામે વિરોધ દર્શાવી રહ્યા હતા અને પેલેસ્ટાઈનના હકમાં પ્રદર્શન કરી રહ્યા હતા, ટ્રમ્પે પણ પોતાની ચુંટણી સભાઓમાં જંગબંદી માટે વાતો કરી હતી. પરંતુ આ વાત પણ યાદ રાખવી જોઈએ કે ઈઝરાયલનો સૌથી મોટો સમર્થક અમેરિકા છે, અને ટ્રમ્પ સરકારમાં પણ કેટલાક ઝીઓનીસ્ટ જમણેરી લોકો મોજુદ છે. એવું કહેવાઈ રહ્યું છે કે ટ્રમ્પ સરકાર નેતાન્યહુને કોઈ રીવાર્ડ જરૂર આપશે. નેતાન્યાહુ આ કરારના કારણે ગાઝા સાથે વ્યવહાર કરવામાં યુએસની ગુડ બુકમાં સ્થાન મેળવશે. કરાર કરવાનું એક કારણ આ પણ છે કે નેતાન્યાહુ સરકાર ભ્રષ્ટાચારના આરોપમાં હતી જ અને લોકો પણ તેને નાપસંદ કરી રહ્યા હતા, તેમજ મોટા ભાગે યુદ્ધવિરામની તરફેણમાં હતા જેને અવગણના કરી શકે તે એવી પરિસ્થિતિમાં ન હતો.

નેતાન્યાહુનું કહેવું છે કે પ્રથમ ચરણમાં આ કરાર હંગામી છે. બીજો ચરણ નિષ્ફળ નીવડ્યો તો યુદ્ધ ફરીથી શરૂ કરીશું. અને જંગ થઈ તો જબરદસ્ત રીતે લડીશું. તેઓ ઈરાની પ્રોક્સીઝને નુકસાન પહોંચાડવાને અને યાહ્યા સીનવારની શહાદતને સૈનિક સફળતા ગણાવી રહ્યા છે. પરંતુ વાસ્તવિકતા આ છે કે ઈઝરાયલ યુદ્ધથી જે કઈ મેળવવા માંગતું હતું તેમાં તે નિષ્ફળ ગયું છે. તે માત્ર સામાન્ય નાગરિક જેમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા વધારે છે, તેમને મારવા અને ઈન્ફ્રાસ્ટ્રકચરને નુકસાન પહોચાડી શક્યા છે. બાકી હમાસના લડ્વૈયાઓમાં રજમાત્ર કમજોરી આવી નથી તેના સામે ઈઝરાયલના સૈનિકોની માનસિક પરિસ્થિતિ ખરાબ થવાના ઘણા સમાચાર છે. જો આ કોઈ ચાલ હશે તો સમય ફલસ્તીનના લોકોને પણ મળશે અને તેઓ વધુ આયોજનબદ્ધ અને જુસ્સા સાથે પ્રતિકાર કરશે. બે જાણીતા ઈઝરાયલી વિદ્વાનો, **Eugene Kandel** (યુજેન કેન્ડેલ) અને **Ron Tzur** (રોન ઝુર) એ તૈયાર કરેલ પેપર મુજબ ગાઝા પર દેશના યુદ્ધ દ્વારા થયેલ વિભાજન અને નેતાન્યાહુની સરકાર દ્વારા પોતાને ન્યાયિક દેખરેખથી દૂર કરવાના પ્રયાસોને જોતાં, "એવી નોંધપાત્ર સંભાવના છે કે ઈઝરાયેલ આગામી દાયકાઓમાં એક સાર્વભૌમ યહૂદી રાજ્ય તરીકે અસ્તિત્વમાં રહેશે નહીં."

કુલ ત્રણ ચરણમાં કરાર પૂર્ણ થશે. તેના વિસ્તૃત દસ્તાવેજો બહાર પડ્યા નથી પરંતુ પ્રથમ ચરણમાં ઈઝરાયલ ૧૦૦૦ ફલસ્તીની કેદીઓને ૩૩ ઈઝરાયલી નાગરિકોના બદલામાં મુક્ત કરશે. જે ૬ સપ્તાહ સુધી ચાલશે. ફલસ્તીનીઓ પોતાના વિસ્તારમાં સ્વતંત્ર રીતે હરી ફરી શકશે. ઈઝરાયલ પોતાની સેનાને તબક્કાવાર કબજો કરેલ વિસ્તારમાંથી પાછી ખેચશે. બીજા ચરણમાં બાકી રહેલ કેદીઓને મુક્ત કરવામાં આવશે. અને ત્રીજા તબક્કામાં કાયમી ધોરણે યુદ્ધબંદી તરફ આગળ વધવામાં આવશે.

આ યુદ્ધમાં ઈઝરાયલને પણ જબરદસ્ત આર્થિક બોજો આવ્યો છે. અને એક મોટી સંખ્યામાં સ્થાનીય રહેવાસીઓ બીજે હિજરત કરી ગયા છે. ફલસ્તીનીઓ અત્યારે ભૂખમરા, મૂળભૂત સુવિધાઓ જેમકે મેડીકલ, ખાધ પદાર્થ, પાણી, વીજળી, શાળા અને રહેવા માટે છતની અછતથી ઝઝૂમી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે મોટાપાયે માનવતાવાદી અભિગમ કેળવી સહાય કરવાની જરૂર છે. હાલ મુસ્લિમ દેશોની જવાબદારી વધી જાય છે કે તેઓ ફલાસ્તીનના પુનઃનિર્માણ અને પુનર્વસન માટે માનવતાવાદી સહાય મોકલી તેને તેના પગ ઉપર ઊભા થવામાં સહાય કરે. આમ તો ૭૫ વર્ષનો ઈતિહાસ દર્શાવે છે કે ઈઝરાયેલે ક્યારેય કરારનું પાલન કર્યું નથી. જો આવું ફરીવાર બને તો આંતરાષ્ટ્રીય પાત્રોએ તેને બોધપાઠ ભણાવવાની જરૂર છે.

— શકીલ અહમદ

## JIHની CAC બેઠક

(પહેલા પાનાનું ચાલુ)

**આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ:** જમાઅતે ઈસ્લામી હિંદની સેન્ટ્રલ એડવાઈઝરી કાઉન્સિલ સીરિયામાં અત્યાચારી અને જુલમી શાસનના અંત અને તેના ચુંગાલમાંથી તેના લોકોની મુક્તિ પર ખુશી અને સંતોષ વ્યક્ત કરે છે. કાઉન્સિલ સીરિયાની વચગાળાની સરકારને ઝડપથી એક પ્રતિનિધિ સરકાર સ્થાપિત કરવા વિનંતી કરે છે જે તેના લોકોની આકાંક્ષાઓ અને ઈચ્છાઓ સાથે સુસંગત હોય. રાષ્ટ્રની અંદરના તમામ જૂથોને સીરિયાના પુનર્નિર્માણમાં ભાગ લેવાની સમાન તકો આપવી જોઈએ. એવી આશા છે કે વિશ્વના વિવિધ ભાગોમાં રહેતા સીરિયન શરણાર્થીઓ હવે તેમની વેદનાનો અંત લાવી તેમના વતન પરત ફરી શકશે.

સેન્ટ્રલ એડવાઈઝરી કાઉન્સિલ આંતરરાષ્ટ્રીય સત્તાઓને સીરિયાની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાથી દૂર રહેવાનું આહ્વાન કરે છે. લાંબા સંઘર્ષ પછી, સીરિયન લોકોએ તેમની સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે, અને વિદેશી શક્તિઓએ તેમના પોતાના અશુભ ઉદ્દેશ્યો માટે આ નવીન પ્રાપ્ત સ્વતંત્રતાનો દુરુપયોગ કરવો જોઈએ નહીં. કાઉન્સિલ વૈશ્વિક સમુદાયને, ખાસ કરીને મુસ્લિમ રાષ્ટ્રોને સીરિયાના પુનર્નિર્માણ તરફ ઉદાર સમર્થન આપવા અપીલ કરે છે.

કાઉન્સિલ ઈઝરાયલ દ્વારા સીરિયા પર કરવામાં આવેલા તાજેતરના આક્રમક હવાઈ હુમલાની સખત નિંદા કરે છે અને અમેરિકા અને અન્ય વૈશ્વિક શક્તિઓને ઈઝરાયેલની યુદ્ધખોર નીતિઓને નિયંત્રિત કરવા વિનંતી કરે છે. પેલેસ્ટિનિયન લોકોના કાયદેસરના અધિકારોને પુનઃસ્થાપિત કરવા માટે અસરકારક પગલાં લેવા જોઈએ. આ બેઠક વિશ્વભરના તમામ સંસ્કારી રાષ્ટ્રોને નિર્દોષ બાળકો અને નાગરિકોની હત્યાનો અંત લાવવા અને પ્રદેશમાં શાંતિ સ્થાપવા માટે તાત્કાલિક પગલાં લેવા અપીલ કરે છે.

## અમવા દ્વારા જાગૃતિ શિબીર

(છેલ્લા પાનાનું ચાલુ)

આ પ્રસંગે મહેમાનોનું શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. અમવાનાં પ્રમુખ ડોક્ટર પ્રોફેસર મહેરૂન્નિસા દેસાઈએ જણાવ્યું હતું કે મઝહબી માર્ગદર્શન મુજબ વિદ્વાનોની શાહીની કિંમત શહીદોના લોહીથી પણ વધુ છે, આ કાર્યક્રમમાં આપણને વિદ્વાનો દ્વારા માર્ગદર્શન મળી રહેલ છે, જે ખૂબ કિંમતી છે. અમવાની ટીમના ઝાકેરાબેન કાદરી, રિઝવાના કુરેશી, માહેનુર સૈયદ, જુબેદા ચોપડા, સુહાના વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ મહેનત કરી હતી. મોટી સંખ્યામાં બહેનોએ હાજર રહી કાર્યક્રમને જવલંત સફળતા અપાવી હતી.



HMG

ઈલ્યાસ પિસુવાલા
M.: 09825020386
M.: 09925020386
હમદુભાઈ મોમીનભાઈ ગ્રાન્ડ સન્સ
લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી થાળ, મેલેમાઇન બ્રાસ, કોકરી તથા ફેન્સી ડેકોરેટીવ વસ્તુ ભાડે આપનાર
હેડ ઓ: 39, શીતલ એસ્ટેટ, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અહમદાબાદ - 382210
બ્રાન્ચ ઓ: 86, વૃદાંવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંજાના ફાર્મ, સુરત
નોંધ: વધુ જાણકારી માટે વેબસાઈટ જુઓ.
E-mail : info@ilyashamdubhai.com • Website : www.ilyashamdubhai.com



ઇસ્લામી સાહિત્ય પ્રકાશન


સંપર્ક : ૮૭૮૦૬ ૬૧૯૬૩




અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## જરૂરતથી વધારે ધન

**(હે પયગંબર ﷺ) આ તમારાથી પૂછે છે અમે (અલ્લાહના માર્ગમાં) શું ખર્ચ કરીએ? કહો : જે કંઈ તમારી જરૂરિયતથી વધારે છે.'' (સૂરઃ બકરહ, આયત-૨૧૯)**

આ આયત કુર્આને હકીમની મશહૂર આયત છે અને આમાં ઈમાનવાળાઓને એક એવી બુન્યાદી તાલીમ આપવામાં આવી છે કે જો તેઓ આના પર અમલ કરવા લાગે તો આનાથી એક શ્રેષ્ઠ કલ્યાણકારી સમાજ સ્થપાઈ શકે છે. સહાબાએ કિરામ રદિ. અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા માટે દરેક સમયે તત્પર રહેતા હતા. તેમની આ ઇચ્છા હતી કે પોતાના માટે કંઈ ન રાખે. સર્વસ્વ ઇસ્લામના માર્ગમાં લૂંટાવી દે. ઝકાતની અદાયગી બાદ તેઓ હુઝૂર નબીએ કરીમ ﷺથી પૂછતા રહેતા હતા કે અમે કેટ-કેટલું અને ક્યાં ક્યાં ખર્ચ કરીએ.

આયતના આ ટુકડામાં તેમના આ જ પ્રશ્નોના ઉત્તરમાં એક સિદ્ધાંત એનાયત કરવામાં આવ્યો છે. ફરમાવ્યું : આ લોકો આપ (ﷺ)ને પ્રશ્ન કરે છે કે અમે શું ખર્ચ કરીએ? તેમને કહી દો કે જે કંઈ તેમની જરૂરિયાત કરતાં વધારે છે. આ રીતે આ નેકીના શોખમાં કોઈ તંગીમાં પણ સપડાશે નહીં, અને જાઇઝ જરૂરિયાત પૂરી કર્યા પછી પોતાના વધારાના ધનથી દેશ તથા મિલ્લતની સેવા પણ કરી શકશો.

કુર્આને હકીમે આ તાલીમ (શિક્ષણ) જે યુગમાં આપી છે, સૌ જાણે છે કે આમાં કાર્યાલયના નીતિ-નિયમો અને આર્થિક-વ્યવસ્થા પોતાના પ્રારંભિક સ્વરૂપમાં હતી. સરકાર પાસે કોઈ એવી મશીનરી ન હતી કે જેનાથી તે સામૂહિક રીતે કલ્યાણકારી સંસ્થા-સંગઠનોની સ્થાપના અમલમાં લાવી શકે. આથી ઝકાત બાદ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાની બાબતને સૈદ્ધાંતિક માર્ગદર્શન આપીને મનુષ્ય પર છોડી દેવામાં આવ્યું. આ જ કારણ છે કે કુર્આને હકીમમાં અનેક જગ્યાએ ભૂખ્યા લોકોને ખવડાવવા, ગરીબો અને મિસ્કીનોને કામ આવવા અને યતીમો (અનાથો)ના દુઃખ-દર્દ મિટાવવાની તાકીદ કરવામાં આવી છે. આજે જ્યારે કે સરકારી-વ્યવસ્થા (વહીવટીતંત્ર) પ્રગતિના તબક્કાઓ પાર કરીને માનવ-જીવનના તમામ ક્ષેત્રે કે ભાગો પર હાવી થઈ ચૂકી છે અને સામૂહિક કલ્યાણકારી કાર્યો સરકારની મહત્ત્વની જવાબદારી ઠેરવાઈ ચૂક્યા છે તો આ વાત પહેલાં કરતાં વધુ જરૂરી બની ચૂકી છે કે જરૂરતથી વધારાની સંપત્તિ કે જે ગણ્યા-ગાંઠ્યા કે થોડાક લોકોની વચ્ચે ફરતી રહે છે તેને એકઠી કરીને એક વિધિવત યોજના હેઠળ ગરીબી અને મુફલિસીને દૂર કરવા માટે ખર્ચ કરવામાં આવે. જો આવું થઈ જાય તો આના પરિણામ સ્વરૂપે વર્ગીય સંઘર્ષના આ તમામે તમામ પ્રદર્શનો કે દેખાવો આપમેળે સમાપ્ત થઈ જશે, જે આજના પરેશાન મનુષ્યને દરેક ક્ષેત્રે પોતાના ઘેરામાં કે પંજામાં લઈ ચૂક્યા છે.

એક એ સમય હતો કે ઈમાનવાળા લોકો ઝકાત આપ્યા પછી પણ ખર્ચ કરવા અંગે પૂછતા હતા. તેમના દ્વારા ખર્ચ કરવા માટે પૂછવાનો અર્થ એ છે કે જરૂરી બાતોમાં તો પ્રચલિત ફર્ઝ અને મસ્નૂન બાબતોમાં ખર્ચ કર્યા પછી અન્ય બાબતો અંગે પૂછતા હતા અને તેમાં પોતાની કમાણી અને કમાણીનો શ્રેષ્ઠ ભાગ ખર્ચ કરતા હતા. જ્યારે આજે ઝકાત જેવી ફર્ઝ બાબતોમાં પણ ખર્ચ કરવાથી બચવાના 'રસ્તા' કે 'બ્હાના' શોધે છે.

પરિણામ સૌની સામે છે. એ વખતે ઈમાનવાળાઓ ઓછા હોવા છતાં સફળ થતા હતા, જ્યારે આજે મોટી સંખ્યા અને સમૃદ્ધ હોવા છતાં દુર્દશાના ભોગ બનતા જઈ રહ્યા છે. અલ્લાહ આપણને દીન-ઇસ્લામની સાચી સમજ આપે.




## હયા તથા શરમ

(૨) અનુવાદ :

**હઝરત ઇબ્ને મસ્ઊદ રદિ.થી રિવાયત છે. તેઓ કહે છે કે નબી ﷺએ ફરમાવ્યું : અગાઉની નુબુવ્વતના કલામ (વાણી, કથનો)માંથી લોકોએ જે કાંઈ પામ્યું (મેળવ્યું) છે તેમાંથી એક આ છે : જ્યારે તમે શરમને ઉઠાવીને મૂકી દીધી તો હવે જે ઇચ્છો તે કરો.''[૨] (બુખારી)**

**સમજૂતી :**

[૨] માનવ-સમાજ પર અંબિયા અ.સ.ના શિક્ષણની ગાઢ અસરો પડી છે. અત્યંત બગડેલ સમાજમાં પણ કેટલીય એવી નેક વાતો ઉદાહરણરૂપે જાણીતી છે જે વાસ્તવમાં અગાઉના અંબિયા અ.સ.ના શિક્ષણના અવશેષો છે, પરંતુ આપણને તેની ખબર નથી હોતી. હુઝૂર ﷺ ફરમાવે છે કે આ કથન-કહેવત કે ''જ્યારે તમે શરમ તથા હયાને બાજુએ મૂકી દીધી તો હવે જે ઇચ્છો તે કરો. (બે-હયા બાશ વ હચ્ચે ખ્વાહી કુન) અગાઉની નુબુવ્વતના અગાઉના અંબિયા (નબીઓ)ના શિક્ષણમાં પણ ઊંડી દૃષ્ટિ તથા હિકમત અને નસીહત જોવા મળે છે. આ કથનની જેમ બીજા પણ કેટલાય કથનો લોકોને મોઢે યાદ છે, જેમાં અંબિયા અ.સ.ના શિક્ષણના પ્રતિબિંબને જોઈ શકાય છે.

આ હદીસથી જણાયું કે હયા અને શરમની તાલીમ ફક્ત નબી ﷺ જ આપી રહ્યા ન હતા, બલ્કે આને અગાઉના અંબિયા અ.સ.ના જમાનામાં પણ બુન્યાદી મહત્ત્વ પ્રાપ્ત રહ્યું છે. હયા વાસ્તવમાં એક બારીક આંતરિક ચળવળ છે જે માણસને અશોભનીય અને અદબ વિરુદ્ધના કાર્યોથી વાજ રહેવા માટે તૈયાર કરે છે. આ આંતરિક કૈફિયતના લીધે માણસના વ્યક્તિત્વમાં મોટું આકર્ષણ પેદા થઈ જાય છે. નબીએ કરીમ ﷺ વિષે હદીસમાં આવ્યું છે કે આપ ﷺ કુંવારી છોકરીઓથી પણ વધારે હયાવાળા હતા. હદીસમાં અલ્લાહતબારક-વ-તઆલા વિષે પણ આવ્યું છે કે અલ્લાહને પોતાના બંદાઓથી આ વાત પર શરમ આવે છે કે જ્યારે તેનો બંદો પોતાનો હાથ તેની તરફ લંબાવે તો તેમને ખાલી પાછો કરી દે. (તિર્મિઝી, અબૂ દાઊદ)

દૃષ્ટિ સમક્ષની રિવાયતમાં આ વાત કહેવામાં આવી છે કે જે વ્યક્તિમાં હયા નથી તે જે બૂરાઈ અને બદી કરે ઓછું છે. તે એટલા માટે કે મૂળ જે વસ્તુ તેને બૂરાઈથી વાજ (દૂર) રાખનાર હતી જ્યારે તે જ જતી રહી તો પછી કઈ વસ્તુ અલ્લાહની નાફરમાની તથા બૂરા કાર્યોથી અટકાવી શકે છે. હયા એક વ્યક્તિગત્ ગુણ છે. જેનામાં આ ગુણ મૌજૂદ છે એ ખુદે પોતાના અંતરના તકાદાથી બે-હયાઈ (નિર્લજ્જતા)ના કાર્યોથી બચશે, તેનું ઉદાહરણ બિલકુલ એવું છે જેમકે લીંબુનો ઝાડ જમીનમાંથી એ જ તત્ત્વોને લેશે કે જે તેના સ્વભાવ અને તેની પ્રકૃતિને અનુરૂપ હશે. એ બીજા તત્ત્વોને છોડી દેશે. શેરડી અને શક્કરિયા જમીનમાંથી એ જ તત્ત્વોને એવા જ સ્વરૂપમાં લેશે કે જે તેનામાં મીઠાશ પેદા થઈ શકે. આની વિરુદ્ધ લીમડાનું ઝાડ જમીનમાંથી એવા તત્ત્વોને એ સ્વરૂપમાં લેશે કે તેનામાં કડવાશ આવી શકે.

(૩) અનુવાદ :

**હઝરત ઇમરાન બિન હુસૈન રદિ.થી રિવાયત છે કે નબી ﷺએ ઇર્શાદ ફરમાવ્યું : હયા ખૈર (ભલાઈ) જ લાવે છે.''[૩] (બુખારી)**

**સમજૂતી :**

[૩] હયા પોતાના પરિણામની દૃષ્ટિએ કોઈ નુકસાન અને બૂરાઈનું કારણ નથી હોતી. હયા સંપૂર્ણપણે ખૈર-ભલાઈ છે. **''અલહયાઉ ખૈરુન કુલ્લુહુ''** (હદીસ). બે-શરમી (નિર્લજ્જતા) પોતાના પરિણામની દૃષ્ટિએ સંપૂર્ણપણે નુકસાનનો સોદો છે. હયાને છોડીને માણસ સૌથી પહેલાં સ્વયં પોતાના વ્યક્તિત્વને નુકસાન પહોંચાડે છે. આનાથી તેનો મોભો એટલી હદે ઘવાય છે કે તેના પ્રાયશ્ચિતની શક્યતા બહુ ઓછી બાકી રહે છે.

''જ્ઞાન સભા''

# તલાકની સાચી રીત

ડૉ.રઝિયુલ ઇસ્લામ નદવી

**પ્રશ્ન : મેં મારી પત્નીને એક એક મહિના અંતરથી ત્રણ તલાકો આપી. શું મારા નિકાહ બિલકુલ ખતમ થઈ ગયો અથવા હજી બાકી છે?**

**ઉત્તર :** ઇસ્લામી શરીઅતમાં પતિને વધુમાં વધુ ત્રણ તલાક આપવાનો હક્ક આપવામાં આવ્યો છે. તે બે રજઈ તલાક આપવા સુધી રુજુઅનો હક્ક ધરાવે છે. ત્રીજી તલાક આપતાંની સાથે જ નિકાહ હંમેશ માટે ખતમ થઈ જાય છે. કુર્આનમજીદમાં છે :

''તલાક બે વાર છે, પછી સીધી રીતે સ્ત્રીને રોકી લેવામાં આવે અથવા ભલાઈપૂર્વક તેને વિદાય કરી દેવામાં આવે.'' (સૂરઃ બકરહ, આયત-૨૨૯)

તલાકની બે રીતો વર્ણવવામાં આવી છે : એક 'તલાકે-સુન્નત' (સુન્નત મુજબની તલાક) અને બીજી 'તલાકે-બિદ્અત' (બિદ્અતની રીતે તલાક). 'તલાકે-સુન્નત'ની બે પેટા રીતો છે : 'તલાકે-અહસન' અને 'તલાકે હસન', 'તલાકે અહસન' આ છે કે પતિ સ્ત્રી (પોતાની પત્ની)ને પાકીની હાલતમાં (જ્યારે કે એ માસિક સ્રાવથી પાક (મુક્ત) હોય. જ્યારે કે તેણે સહ-શયન ન કર્યું હોય. એક 'તલાકે-રજઈ' આપે અને ઇદ્દત વીતી જવા દે. ઇદ્દત પૂરી થતાં જ એક તલાકે-બાઇન થઈ જશે, અને અલાયદગી થઈ જશે. તલાકે-હસન આ છે કે પતિ એક તલાક 'તુહર-પાકી'ની હાલતમાં આપે. પછી 'હૈઝ' (માસિક સ્રાવ)ની સ્થિતિમાં આપે, પછી માસિક સ્રાવ પછી જ્યારે સ્ત્રી બીજી વાર 'તુહર' (પાકી, માસિક સ્રાવ વિના)ની સ્થિતિમાં હોય તો બીજી તલાક આપે. આવી જ રીતે 'તુહર'ની સ્થિતિમાં ત્રીજી તલાક આપે. આમાં પણ શરત છે કે આ મુદ્દતમાં સ્ત્રી (પત્ની) સાથે સહશયન ન કર્યું હોય. 'તલાકે-બિદ્અત' આ છે કે પતિ એકી સાથે ત્રણ તલાકો આપી દે, અથવા માસિક-સ્રાવની સ્થિતિમાં તલાક આપે અથવા એ પાકી (પવિત્રતા)ની સ્થિતિમાં તલાક આપે અથવા જેમાં સહ-શયન કરી ચૂક્યો છે.

ખરી વાત આ છે કે તલાકની સાચી અને કુર્આન તથા સુન્નતથી પુરવાર થયેલ રીત ફક્ત 'તલાકે-અહસન' છે, અર્થાત્ પવિત્રતાની સ્થિતિમાં એક તલાક આપીને ઇદ્દત વીતી જવા દેવામાં આવે. જો માણસે (પુરુષે, પતિએ) પોતાની પત્નીને પોતાના જીવનથી અલગ કરવાનું નક્કી કરી જ લીધું છે તો જે કામ એક તલાકથી થઈ જતું હોય તેને પાર પાડવા માટે એક સાથે અથવા અલગ અલગ ત્રણ તલાકો શા માટે આપવામાં આવે. 'તલાકે-અહસન'નો એક મોટો ફાયદો આ છે કે જો બન્ને ફરીથી દાંપત્ય જીવન વિતાવવા ચાહે તો તેની ગુંજાયશ-શક્યતા રહે છે.

ખૈર ! જો કોઈએ એક એક મહિનાના અંતરે ત્રણ તલાકો આપી હોય છે તો નિકાહ બિલકુલ ખતમ થઈ જાય છે અને બીજી વાર રુજૂઅની ગુંજાયશ-શક્યતા નથી રહેતી.

# સ્મિત : એક મહાન નેકી

● હાફિઝ મુ. ઈબ્રાહીમ ઉમ્રી

## ઇસ્લામી મુઆશરા

સ્મિત જીવનની એક નિશાની છે. જીવનને પ્રસન્નતાદાયક બનાવવા માટે જરૂરી છે કે પ્રસન્ન-ખુશ રાખવામાં આવે, અને વાતાવરણમાં ખુશીઓની ચાંદની ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવે. સ્મિત માનવીનો એક એવો ગુણ છે જે તેને બીજા સૃજનોથી અલગ તારવે છે. આ વસ્તુ ખુશીને વધારવાનું કારણ અને ઉલ્ફત તથા પ્રેમની અભિવ્યક્તિનું પ્રથમ પગથિયું છે. એક માસૂમ બાળક પણ મલ્કાઈને પોતાના લગાવ તથા પ્રેમને વ્યક્ત કરે છે. સ્મિત દિલોના મેલ અને દુશ્મનીને દૂર કરે છે. લોકોને નજીક લાવવા, તેમનું ધ્યાન પોતાની તરફ દોરવા અને તેમના પર અસર નાખવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. બીજાઓ વિષે પોતાની નેક ભાવનાઓને વ્યક્ત કરવાનું માધ્યમ છે. વર્તમાન સમયમાં વેપાર, ઉદ્યોગ-કારોબાર, પરસ્પરના સંબંધો અને દુન્યવી બાબતોની સફળતાનો આધાર પણ મોટી હદ સુધી સ્મિત અને હાસ્ય પર છે.

સ્વાસ્થ્ય-નિષ્ણાતો કહે છે કે હસવું આપણા સ્વાસ્થ્ય માટે એટલું જ લાભદાયી છે જેટલું કસરત કરવું, અથવા આરોગ્યપ્રદ ખોરાક ખાવો લાભદાયી છે. તબીબી દૃષ્ટિએ તેના ઘણા ફાયદા છે. દા.ત. :

૧. હાસ્ય તનાવને ઘટાડીને સુકૂન પહોંચાડે છે : જ્યારે માણસ હસે છે તો તેનાથી શારીરિક (અવયવોની) તાણની તીવ્રતા ઓછી થાય છે, અને હૃદય પરના દબાણમાં ઘટાડો થાય છે, જેના પરિણામે માનવીને રાહતનો અહેસાસ થાય છે.

૨. હાસ્ય માનવ શરીરમાં શ્વેતકણ તૈયાર કરવામાં મદદરૂપ થાય છે, જે રોગોની સામે લડવાની જવાબદારી નિભાવે છે, જેના લીધે માણસ હૃદયરોગ અને લકવા જેવા જીવલેણ રોગોથી સુરક્ષિત રહી શકે છે.

૩. સામાન્ય રીતે આપણે જે વ્યક્તિને હસતા જોઈએ છીએ તો આપણે પોતે પણ હસી દઈએ છીએ. એટલે કે હાસ્ય રૂપાંતરિત બનીને આપણા સુધી સ્થળાંતરિત થાય છે. (અલ અર્બિયહ ડૉટનેટ, ૧૯ ડિસેમ્બર ૨૦૧૬)

કેમકે ઈસ્લામ સ્વાભાવિક દીન છે, આથી તેણે સફળ જીવન માટે જોઈતી-જરૂરી ખૂબીઓ અને વિશિષ્ટતાઓ તરફ માર્ગદર્શન કર્યું છે. કયામતના દિવસે હશ્રના મેદાનમાં જ્યારે સમગ્ર લોકો એકત્ર થશે તો તેમના બે પ્રકાર કરવામાં આવશે. એક પ્રકાર એ બદનસીબોનો હશે કે જેમના ચહેરાઓ પર વ્યથા અને શર્મિંદગી છવાયેલી હશે. બીજો પ્રકાર એ ખુશનસીબ લોકોનો હશે કે જેમનો ચહેરા પ્રસન્નતા તથા હાસ્યથી ઝળહળી રહ્યા હશે. કુર્આનમજીદે તેનો નકશો આ રીતે વર્ણવ્યો છે :

"કેટલાક ચહેરા તે દિવસે ઝળહળી રહ્યા હશે, પ્રસન્ન ને પ્રફુલ્લિત અને આનંદિત હશે, અને કેટલાક ચહેરાઓ પર તે દિવસે ધૂળ ઊડી રહી હશે, અનો કાલિમા છવાયેલી હશે." (સૂરઃ અબસ, આયતો-૩૮ થી ૪૧)

**રસૂલે અકરમ ﷺ અને સ્મિત :**

રસૂલે અકરમ ﷺના જીવનના મોટોભાગ પરેશાનીઓ, તકલીફો અને અજમાયશોમાં પસાર થયો. આપ ﷺના જીવન પુસ્તકનું કદાચ જ કોઈ પૃષ્ટ એવું હોય જેના પર રંજ, ગમ અનો મુસીબતો તોમજ મુશ્કેલીઓના લેખ લખેલા ન હોય. આપ ﷺ ઉપર જેટલી અજમાયશો આવી, દુનિયાના કોઈ અન્ય મનુષ્ય પર નથી આવી, ખુદ આપ ﷺએ ફરમાવ્યું :

"અલ્લાહના માર્ગમાં મને જેટલી તકલીફો આપવા (પહોંચાડવા)માં આવી, એટલી કોઈ અન્યને આપવામાં નથી આવી." (ઈબ્ને માજહ)

રંજ તથા ગમના આ ગાઢ ઓછાયાઓમાં પણ આપ ﷺના ચહેરા પર દુઃખ જોવામાં નથી આવ્યું સ્મિત હંમેશ ચહેરા પર રેલાઈ રહેતું. હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ રદિ. ફરમાવે છે :

"મેં અલ્લાહના રસૂલ ﷺથી વધીને કોઈને સ્મિત કરતા નથી જોયા." (તિર્મિઝી)

ઘરના વાતાવરણ પર ઘરના વડા-વડીલની પ્રકૃતિ અનો સ્વભાવની ઘણી અસર હોય છે. જો ઘરનો સરપરસ્ત કડક સ્વભાવનો અનો કડવાશવાળો હોય તો ઘરવાળાઓ પર તેની નકારાત્મક અસરો પડે છે. અને જો એ ખુશ-મિજાજ વાળો હોય તો ઘરનું વાતાવરણ પ્રફુલ્લતામય રહે છે. કેટલાક લોકોની ટેવ હોય છે કે જ્યારે તેઓ પોતાના ઘરમાં પ્રવેશે છે તો એટલી હદે સપાટ ચહેરો બનાવી લે છે કે દૂર દૂર સુધી ખુશીનું નામ-નિશાન નથી હોતું, બલ્કે હસવાને પોતાની શાનની વિરુદ્ધ સમજે છે. જ્યારે કે અલ્લાહના રસૂલ ﷺ ઘરવાળાઓ વચ્ચે પ્રફુલ્લ કે હસમુખા રહેતા હતા, ફક્ત એટલું જ નહીં બલ્કે તેમની સાથે હસી-મજાક કરતા, હસતા-હસાવતા, તેમની સાથે હસી-મજાક કરતા, હસતા-હસાવતા, પોતે ખુશ રહેતા અને ઘરવાળાઓને પણ ખુશ રાખતા. હઝરત આયશા રદિ. ફરમાવે છે કે એક વખત હું આપ ﷺ સાથે સફરમાં હતી. આપ ﷺએ સહાબા રદિ.થી ફરમાવ્યું કે આગળ વધો. સહાબાએ કિરામ રદિ. એટલી હદે આગળ વધી ગયા કે અમે બહુ પાછળ રહી ગયા. આપ ﷺએ મને ફરમાવ્યું કે ચાલો, આપણે બન્ને દોડવાની હરીફાઈ કરીએ છીએ. પછી અમો બન્નેમાં મુકાબલો-હરીફાઈ કરીએ છીએ. આપણે બન્ને દોડવાની હરીફાઈ કરીએ છીએ. એ હરીફાઈમાં હું અલ્લાહના રસૂલ ﷺથી આગળ નીકળી ગઈ.

(અનુસંધાન 5મા પાને)

## સોનેરી વાક્યો સોનેરી વાક્યો

### સોનેરી કથન

**હઝરત શફીક બલ્ખી રહ.**

*(સૂફી બુઝુર્ગ, 'તરીકત'નું જ્ઞાન હઝરત ઈબ્રાહીમ અદ્હમ રહ.થી મેળવ્યું. અનેક પુસ્તકો લખ્યા.*

- લોકો ચાર વાતોને મૌખિક રીતે તો માને છે પરંતુ અમલ તેની વિરુદ્ધ કરે છે :

(૧) કહે છે કે અમે અલ્લાહના બંદા છીએ અને અમલ આઝાદ લોકોની જેમ કરે છે.

(૨) કહે છે અલ્લાહ અમને રોજી આપનાર છે પરંતુ દિલથી સંતુષ્ટ નથી રહેતા.

(૩) કહે છે કે આખિરત દુનિયા કરતાં બહેતર છે, પરંતુ દુનિયા માટે રાત-દિવસ માલ એકત્ર કરે છે.

(૪) કહે છે કે અમારે એક દિવસ અવશ્ય મરવાનું છે, પરંતુ અમલ એવો કરે છે જાણે કે ક્યારેય મરવાનું જ નથી.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

શકીલ એમ.કાદરી
મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૬૯૨૦૧૧
મો. ૯૭૨૭૯૬૯૬૬૬
Kadri Party Plot
કાદરી પાર્ટી પ્લોટ
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

'ઈલાહી ! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ. ઈલાહી ! મુઝે ગુનાહોં સે ઈતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)


M : 9898062816
Video Call - M : 9428419044
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound,
S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાડીવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)
ટ્રેડમાર્ક ધરાવતી સરકાર માન્ય એકમાત્ર સંસ્થા
ડૉ. યાસીન સૈયદ (M.B.B.S.)
ડૉ. તૌફીક સૈયદ (B.H.M.S.)

ખત્ના તથા સર્વરોગ નિદાન કેન્દ્ર ચામડીના રોગોના અનુભવી
અમારી શાખાઓ :
(૧) જુહાપુરા શાહીન કોમ્પ્લેક્ષ મોડલ સ્કૂલની બાજુમાં, જુહાપુરા, સરખેજ રોડ અમદાવાદ.
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) પથ્થરવાલી મસ્જિદ પાસે, શાહપુર અડ્ડા, અમદાવાદ. સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ - સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) શમશેરબાગ, પાકવાડા સામે, ગોમતીપુર, અમદાવાદ. સમય : સોમ થી શનિ - સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી | રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
Mo.: 99097 12900 | 93279 24050 | 98251 53388

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૯૭૨૪૭ ૭૮૬૯૮
Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પ્લેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

## સ્મિત: એક મહાન નેકી

(ચોથા પાનાનું ચાલુ)

થોડાક સમય બાદ ફરી એકવાર અમારી વચ્ચે દોડની હરીફાઈ થઈ. એ વખતે મારૂં શરીર ભારે-ભરખમ થઈ ગયું હતું. આ વખતે અલ્લાહના રસૂલ ﷺ હરીફાઈમાં મારાથી આગળ નીકળી ગયા, જીતી ગયા. પછી ફરમાવે છે :

“આપ ﷺ હસીને ફરમાવવા લાગ્યા : આ એ મુકાબલા-હરીફાઈનો બદલો છે.” (અસ્ સિલસિલતુસ્ સહિય્યહ, ૧૩૧).

ઘરથી બહાર સામાજિક જીવનમાં પણ પોતાના સહાબાઓ સાથે આપ ﷺનો મામલો ખુશ-મિજાજીનો જ રહેતો હતો. હઝરત જરીર બિન અબ્દુલ્લાહ બજલી રદિ. ફરમાવે છે : “જ્યારથી મેં ઈસ્લામ કબૂલ કર્યો છે આપ ﷺએ મને ક્યારેય પોતાની પાસે આવવાથી અટકાવ્યો નથી અને જ્યારે પણ મારા પર આપ ﷺની નજર પડતી આપ ﷺ મુસ્કુરાવી દેતા.” (બુખારી)

આપ ﷺની આસપાસ મુસીબતગ્રસ્ત અને દુ:ખી મુસલમાનોનો એક મોટો સમૂહ હતો. જ્યારે તેઓ આપ ﷺના હસતા ચહેરાને જોતા તો તેમનો દુ:ખ દૂર થઈ જતો અને એક પ્રકારનો સુકૂન તેમને મળતો હતો.

હઝરત જાબિર બિન સમરા રદિ.થી કોઈએ પૂછ્યું કે શું આપને ક્યારેય અલ્લાહના રસૂલ ﷺની મજલિસ (બેઠક, સભા)માં સામેલ થવાનો મોકો મળ્યો છે? તેમણે કહ્યું: હા, મને સામેલ થવાનો મોકો ઘણી વખત મળ્યો છે. પછી એક મજલિસનો ઉલ્લેખ કરતાં ફરમાવે છે કે ફજ્રની નમાઝ બાદ આપ ﷺ પોતાના મુસલ્લા પર જ બેસીને ઝિક્રમાં વ્યસ્ત રહેતા. જ્યારે સૂર્ય ઉદય પામતો તો પોતાની જગ્યાથી ઊઠી જતા. તેઓ આપ ﷺ વિષે ફરમાવે છે : “સહાબાએ કિરામ રદિ. સાથે વિવિધ વિષયો પર ગુફતેગૂ થતી, જહાલતની બાબતો પણ ચર્ચામાં આવતી. ગુફતેગૂ દરમ્યાન સહાબાએ કિરામ રદિ. હસતા-હસાવતા અને આપ ﷺ પણ મુસ્કુરાવતા હતા.” (મુસ્લિમ)

આપ ﷺ દરેક સાથે એટલીહદે હસતા મુખે મળતા જેમકે વર્ષોથી ઓળખાણ અને સંબંધ હોય. દરેક વ્યક્તિ આ જ સમજતી કે આપ ﷺ સૌથી વધુ મારાથી પ્રેમ કરે છે. હઝરત ઉમર બિન આસ રદિ. ફરમાવે છે :

આપ ﷺ પૂરી રીતે મારી તરફ ધ્યાન આપતા, અને મારાથી એટલા પ્રેમ-સ્નેહથી વાતચીત કરતા કે હું સમજવા લાગ્યો કે હું જ સૌથી શ્રેષ્ઠ છું.” અંતે મેં એક વખત પૂછી જ લીધું કે અલ્લાહના રસૂલ ﷺ ! હું શ્રેષ્ઠ છું કે અબૂ બક્ર રદિ. ? આપ ﷺએ ફરમાવ્યું : અબૂ બક્ર રદિ., પછી મેં પૂછ્યું : હું શ્રેષ્ઠ છું કે ઉમર રદિ. ? આપ સ.અ.વ.એ ફરમાવ્યું ઉમર રદિ. પછી મેં પૂછ્યું કે હું શ્રેષ્ઠ છું કે ઉસ્માન રદિ. આપ ﷺએ ફરમાવ્યું ઉસ્માન રદિ. (તેઓ કહે છે કે) : “કાશ ! હું આપ ﷺથી આ અંગે પ્રશ્ન ન કરતો તો વધુ સારૂં થાત.” (સંક્ષિપ્ત, અલ શમાઈલ-વ-હસ્નહ)

રસૂલુલ્લાહ ﷺના આ ઉસ્વહ (નમૂના)માં મુસ્લિમ સમાજ માટે પૈગામ-સંદેશ આ છે કે તેના લોકો પરસ્પર ખુશ-મિજાજથી મળે. આ કોઈ મામૂલી વસ્તુ નથી, બલ્કે ઈસ્લામની નજરમાં નેકી છે. આપ ﷺએ ફરમાવ્યું : “પોતાના ભાઈ માટે હસતા મોઢે મળવું (વ્યક્ત કરવું) પણ નેકી છે.” (અલ સિલસિલનુસ્સહિય્યહ : ૫૭૨)

હઝરત અબૂઝર ગિફારી રદિ.થી રિવાયત છે કે આપ ﷺએ ફરમાવ્યું : “કોઈ પણ નેકીને તુચ્છ (કોનિમ્ન) ન સમજો, ચાહે એ પોતાના ભાઈ સાથે મળવું જ કેમ ન હોય.” (મુસ્લિમ)

દા’વત (નિમંત્રણ) તથા સુધારણામાં ખુશ-મિજાજીનું મહત્ત્વની ભૂમિકા હોય છે. બે મધુર શબ્દો સખતથી સખત હૃદયના માણસની દુનિયા બદલવા માટે પૂરતા હોઈ શકે છે. આથી જ અલ્લાહના રસૂલ ﷺ દુશ્મનો સાથે પણ નરમાશનો મામલો કરતા અને તેમની સાથે હસીને મળતા. હઝરત અમ્ર બિન આસ રદિ. ફરમાવે છે : રસૂલે અકરમ ﷺ કોમના બદ્તરીન (સૌથી ખરાબ) માણસ સાથે પણ હૃદયને નરમ કરવાના વિચારથી પોતાનું ધ્યાન ફરમાવતા અને તોમનાથી નરમ શૈલીમાં વાતચીત કરતા હતા.” (સંક્ષિપ્ત અશ્ શિમાઈલ)

હઝરત આયશા રદિ. ફરમાવે છે કે એક માણસે આપ ﷺથી મુલાકાતની પરવાનગી ચાહી. આપ ﷺએ હઝરત રદિ.ને ફરમાવ્યું કે આ (પોતાના) સમાજ (બિરાદરી)નો બદ્તરીન (સૌથી ખરાબ) માણસ છે. જ્યારે એ માણસ આવ્યો તો હસતા મુખે મળ્યા અને નરમ શૈલીમાં આપ ﷺએ ગુફતેગૂ કરી. જ્યારે એ રવાના થયો તો હઝરત આયશા રદિ.એ પૂછ્યું : જ્યારે એ માણસે મુલાકતી પરવાનગી ચાહી હતી તો આપ ﷺએ આના વિષે ફરમાવ્યું હતું કે એ બદતરિન (સૌથી ખરાબ) માણસ છે. પરંતુ જ્યારે એ (ઘરમાં) દાખલ થયો તો આપ ﷺએ પ્રસન્ન ચ્હેરાથી મળ્યા, (શી વાત છે ?) આપ ﷺએ ફરમાવ્યું : હે આયશા (રદિ.) ! તમે મને ક્યારે કડવાશ સાથે વાત કરતો જોયો ? (અબૂ દાઊદ)

*(વધુ આવતા અંકે)*

## લોસ એન્જલસની આગ

(પહેલા પાનાનું ચાલુ)

પોતાના પ્રાકૃતિક સંસાધનોની ભરમાર હોવાને કારણે આ દેશો અમેરિકી આક્રમણના શિકાર બન્યા છે. આ યુદ્ધોએ માત્ર આ દેશોની અર્થવ્યવસ્થાને જ નષ્ટ નથી કરી, બલ્કે સાથે સાથે લાખો લોકોને મોતને ઘાટ ઉતાર્યા છે, હસતાં-ખેલતા સમાજોને તબાહ કર્યા છે અને પર્યાવરણને પણ ભારે નુકસાન પહોંચાડ્યું છે. યુદ્ધ દરમિયાન વપરાતા રાસાયણિક પદાર્થો, વિસ્ફોટક સામગ્રી અને અન્ય વિનાશક હથિયારોએ પર્યાવરણને અપાયરિત નુકસાન પહોંચાડ્યું છે. અમેરિકા આજે પોતાની જમીન પર આ જ યુદ્ધ નીતિઓની કિંમત ચૂકવી રહ્યું છે. કુદરતી આફતો અને પર્યાવરણીય વિનાશ આ નીતિઓનું પ્રતિબિંબ છે જે અમેરિકાએ દુનિયાભરમાં અપનાવી છે.

લોસ એન્જલસની આગ એક અન્ય હકીકત પરથી પડદો ઉઠાવે છે અને તે છે વિશ્વના સૌથી વિકસિત સમાજમાં સામાજિક ન્યાય અને સમાનતાનો અભાવ. કેલિફોર્નિયા યુનિવર્સિટીના એક ઓનલાઈન જર્નલ મુજબ જંગલની આગથી સામાન્ય રીતે જે વર્ગ સૌથી વધુ પ્રભાવિત થાય છે તે છે સ્થાનિક અમેરિકનો છે જે લાંબા સમયથી અસમાનતાનો શિકાર છે અને રાજ્યની મદદ અને ધ્યાનના અભાવ અને સરકારી ઉપેક્ષાના પરિણામે પાછળ રહી ગયા છે. અહીં એ સવાલ ઊઠે છે કે શું અમેરિકન સરકાર ખરેખર પોતાના નાગરિકોને આ પર્યાવરણીય જોખમોથી બચાવવા માટે ગંભીર છે અથવા તે માત્ર મોટા કોર્પોરેટ સંસ્થાઓના હિતોનું રક્ષણ કરી રહી છે જેમણે પર્યાવરણને વિનાશના આરે લાવી દીધું છે?

લોસ એન્જલસની આગ માત્ર એક પર્યાવરણીય કે રાજકીય મુદ્દો નથી, પરંતુ એક ઊંડા નૈતિક સંકટની નિશાની છે. અમેરિકી સંસ્કૃતિએ પોતાને “સંસ્કૃતિવાળી દુનિયા”નો ધ્વજવાહક ગણાવ્યો છે, પરંતુ આ સંસ્કૃતિ પોતાની જ ધરતી પર ન્યાય, સમાનતા અને કુદરતી સંસાધનોના સંરક્ષણમાં નિષ્ફળ જણાય છે. જે સંસ્કૃતિ દુનિયાના અન્ય ભાગોમાં માનવ અધિકારોનો પ્રચાર કરે છે, તે પોતાની જ ધરતી પર માનવો અને કુદરતના અધિકારોનું રક્ષણ કેમ નથી કરતી? આવા પ્રશ્નો આગમાં લપેટાયેલા અમેરિકાએ વિચારવા જોઈએ.

લોસ એન્જલસની આગ એ આગની જ્વાળાઓનું પ્રતિબિંબ છે જે અમેરિકી સરકારની ક્રૂર નીતિઓએ દુનિયાભરમાં પ્રજ્વલિત કરી છે. આ આગ માત્ર જંગલોને જ નહીં બલ્કે માનવીય મૂલ્યો અને ન્યાયની વ્યવસ્થાને પણ બાળીને ખાક કરી રહી છે. આજે જરૂર એ વાતની છે કે આ સમસ્યાઓને માત્ર કુદરતી આફતના સંદર્ભમાં ન જોવામાં આવે પરંતુ તેના સામાજિક, આર્થિક અને રાજકીય પાસાઓનું પણ ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવે. પર્યાવરણીય બેદરકારી, પૂંજીવાદી અત્યાચાર અને વિશ્વવ્યાપી લૂંટફાટ દુનિયાને ખતરનાક ભવિષ્ય તરફ ધકેલી રહ્યા છે. જો આ સમસ્યાઓને તાત્કાલિક સમજવામાં ન આવી અને તેના નિરાકરણ માટે પગલાં ન લેવામાં આવ્યા તો આ આગ માત્ર લોસ એન્જલસ સુધી સિમીત રહેશે નહીં બલ્કે વિશ્વ શાંતિ અને માનવ અસ્તિત્વને પણ લપેટમાં લેશે. દુનિયાએ પુંજીવાદી વ્યવસ્થા વિરુદ્ધ અવાજ ઉઠાવવો જોઈએ અને એક ન્યાયી અને ટકાઉ વ્યવસ્થાના નિર્માણનો પ્રયાસ કરવો જોઈએ. આપણે એવી દુનિયા બનાવવાની જરૂર છે જ્યાં વ્યાપારી અને રાષ્ટ્રીય હિતો કરતાં ન્યાય, સમાનતા અને કુદરતી સંસાધનોનું સંરક્ષણ પ્રથમ પ્રાથમિકતા હોય.

## સામાન્ય સમજ

(છઠ્ઠા પાનાનું ચાલુ)

મુહમ્મદ ﷺએ કહ્યું હતું કે ક્યારેય જાહેર સ્થળોએ પેશાબ ન કરવો, તે પણ અન્ય લોકોને તકલીફ પહોંચાડશે.

મુહમ્મદ ﷺએ એમ પણ કહ્યું હતું કે ક્યારેય છાંયડો આપતા વૃક્ષ નીચે પેશાબ ન કરવો, બીજા લોકો આવશે અને જો વૃક્ષ નીચે આરામ કરવો હશે તો તેમને અસુવિધા થશે. તેમણે આપણને ઘણી બધી બાબતો શીખવી છે જેમ કે જમતા પહેલાં અને પછી હાથ ધોવા, જે વાસણમાંથી તમે પાણી પી રહ્યા છો તેમાં ફૂંક ન મારવી, ખાવાનું શરૂ કરતા પહેલાં અથવા કંઈક શરૂ કરતા પહેલાં ‘બિસ્મિલ્લાહ’ (અલ્લાહના નામ) કહેવું.

હવે હું ચાર મુખ્ય નોંધો આપીને મારૂં વક્તવ્ય સમાપ્ત કરી રહ્યો છું અને તે આ છે:

**૧. જ્ઞાન મેળવો / તમારી જાતને શિક્ષિત કરો:** કુર્આન, હદીસની કિતાબો, ઈસ્લામમાં જીવનનો શિષ્ટાચાર અને બીજા ઘણા બધા સાહિત્યનો અભ્યાસ કરો જેથી તમે વધુ સક્ષમ બની શકો.

૨. તમારા જીવનના અનુભવોમાંથી પાઠ શીખો અને તમારી જાતને વધુ સારી રીતે મઠારો.

૩. કેટલાક મૂળભૂત નૈતિક પાઠ અને નીતિ અને નિયમો શીખો જે વ્યક્તિગત તેમજ સામાજિક જીવનમાં અમલમાં મૂકવા જરૂરી છે.

૪. દયાળુ, સહાનુભૂતિશીલ તથા બીજા લોકો પ્રત્યે સંવેદનશીલ બનો. અન્ય લોકો માટે એ જ પસંદ કરો જે તમે પોતાના માટે પસંદ કરો છો. દા.ત.:- શૌચાલયમાં જતી વખતે, તમે ઈચ્છો છો કે તે સ્વચ્છ હોવું જોઈએ, તો તેનો ઉપયોગ કર્યા પછી તેને પોતે પણ સ્વચ્છ રાખો અને યોગ્ય રીતે ધોઈ લો જેથી પછીથી આવવાવાળાને તકલીફ ન પડે.

•••

*(ઉપરોક્ત લેખ જમાઅતે ઈસ્લામી હિંદના ઉપપ્રમુખ, એસ. અમીનુલ હસનના નવી દિલ્હી ખાતે મસ્જિદે ઈશાઅતમાં આપવામાં આવેલા જુમ્આના ખુત્બાના મુખ્ય મુદ્દાઓને આવરી લે છે.)*

SHAHEEN WEEKLY
Bank A/c. No. : 163110100013154
Bank/Branch : BOMBAY MERCANTILE CO-OP BANK LTD
NEFT
IFSC Code : BMCB0000039
Affiliated : AXIS BANK LTD.

સમીર સાબુવાલા
૯૮૨૪૫ ૪૭૯૯૮
પ્રો. યૂનુસભાઈ સાબુવાલા
ફિરદોસ
રંગીન તથા સફેદ પોપલીન પ્રિન્ટેડ કાપડ મળશે અને ચણીયાના છૂટક તથા જથ્થાબંધ વેપારી
મન્સુરી ઈબ્રાહીમભાઈ સાબુવાલાની કંપની સામે
ઢાલગરવાડ, કાપડ બજાર, અ’બાદ-૩૮૦૦૧.

શફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેક્શન
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

# સામાન્ય સમજ (Common Sense)

એસ.અમીનુલ હસન
(રજૂ. :મુહમ્મદ નદીમ રાજપૂત)

સામાન્ય સમજ-common Senseને ઘણીવાર જ્ઞાન, ચેતના, બુદ્ધિ, માનસિકતા વગેરે તરીકે પણ ઓળખવામાં આવે છે. અલ્લાહ તઆલાએ માનવજાતને અસંખ્ય તોહફાથી નવાજી છે, જેમાં દિમાગ એક મહત્ત્વપૂર્ણ ભેટ છે. તે અલ્લાહની એક અદ્‌ભૂત ભેટ છે, પરંતુ ખૂબ જ ઓછા લોકો તેનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે. દાખલા તરીકે, બાળકોને મસ્જિદમાં લાવવા. પયગમ્બર મુહમ્મદ ﷺએ કહ્યું હતું કે ૭ વર્ષની ઉંમરે બાળકોને નમાઝ શીખવો અને ૧૦ વર્ષની ઉંમરે તેમને મસ્જિદમાં લાવો.

ઘણા માતા-પિતા તેમના માત્ર ૨-૩ વર્ષના નાના બાળકોને મસ્જિદમાં લઈ આવે છે. નાના બાળકો મસ્જિદમાં મોટેથી અવાજ કરે છે, આમ તેમ રમે છે, કેટલાક બાળકો પેશાબ પણ કરી દે છે. તેથી અહીં આપણે આપણી સામાન્ય સમજનો ઉપયોગ કરવો જોઈએ કે આવા નાના બાળકોને મસ્જિદમાં ન લાવવા જોઈએ.

માતા-પિતાને તેમના બાળકની સંપૂર્ણ માહિતી હોવી જોઈએ કે તેમને વ્યક્તિગત તેમજ સામાજિક જીવનમાં સમજપૂર્વક વર્તન કરવા માટે પરિપક્વતાની સંપૂર્ણ ક્ષમતા ક્યારે મળે છે.

ઘણા લોકો મસ્જિદમાં આવે છે અને યોગ્ય રીતે સફની ગોઠવણ વગર નમાઝ અદા કરવા લાગે છે. કેટલાક પંખા નીચે નમાઝ અદા કરે છે, કેટલાક કુલર પાસે નમાઝ અદા કરે છે, કેટલાક દરવાજા પાસે નમાઝ અદા કરે છે. તેઓએ સામાન્ય સમજનો ઉપયોગ કરવો જોઈએ. તમે અન્ય લોકોને પરેશાન ન કરો પરંતુ માનવતા માટે ફાયદાકારક બનો.

ઘણા લોકો જાહેર સ્થળોએ થૂંકે છે. તેઓએ સામાન્ય સમજનો ઉપયોગ કરવો જોઈએ કે રસ્તાઓ અથવા જાહેર સ્થળોએ થૂંકવાને બદલે તેઓએ રસ્તાની બાજુમાં અથવા માટી પર થૂંકવું જોઈએ. મુહમ્મદ ﷺએ કહ્યું હતું કે જ્યારે પણ તમે થૂંકો ત્યારે તેના પર માટી નાખો જેથી કોઈને અગવડ ન પડે.

ઘણા લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા સમયે, ફ્લાઈટ, ટ્રેન કે બસમાં મોટા અવાજે વીડિયો, રીલ્સ જોઈ રહ્યા હોય છે. તેઓએ સામાન્ય સમજનો ઉપયોગ કરવો જોઈએ. અન્ય લોકોને પરેશાન કર્યા વિના તેઓએ હેડસેટ કે હેન્ડ્સફ્રીનો ઉપયોગ કરવો જોઈએ.




માનવ સહજબુદ્ધિની મદદથી સ્વતંત્ર નિર્ણયો લઈ શકે છે. તેથી જરૂરી નથી કે બોર્ડ પર નીતિ અને નિયમો લખવામાં આવે કે વ્યક્તિગત તથા સામાજિક જીવનમાં કેવી રીતે વર્તવું જોઈએ. સામાન્ય સમજ જ આપણને આ જણાવશે. ઉદાહરણ તરીકે: મારા ઘરની નજીક એક પાર્ક છે, જેમાં એક વોકિંગ ટ્રેક છે જ્યાં લોકો ચાલવા જતા હોય છે. અહીં કેટલાક લોકો બગીચાની અંદર જઈને કસરત કરવા લાગ્યા. જ્યારે માળીએ તેમને બગીચામાંથી બહાર નીકળવાનું કહ્યું, ત્યારે તેઓ કહે છે કે અહીં કોઈ નિયમ લખ્યો નથી કે અમે બગીચાની અંદર કસરત કરી શકતા નથી. ફરીથી આવા પ્રકારના લોકો પોતાની સામાન્ય બુદ્ધિનો બિલકુલ ઉપયોગ કરતા નથી, આપણે દરેક જગ્યાએ નફરત અને સમસ્યાઓ જોઈ શકીએ છીએ કારણ કે આપણે આપણી સામાન્ય બુદ્ધિનો યોગ્ય રીતે ઉપયોગ કરી રહ્યા નથી.

હવે પ્રશ્ન ઊભો થાય છે કે સામાન્ય સમજ શું છે? મનોવૈજ્ઞાનિકો કહે છે કે તે દૈનિક અનુભવોના આધારે નિર્ણયો લેવાની પ્રાકૃતિક સાહજિક ક્ષમતા છે, અમારી પાસે ૨૦-૩૦ વર્ષના અનુભવો છે જેના આધારે અમે નિર્ણયો લઈએ છીએ કે શું કહેવું છે, ક્યાં કહેવું છે, કેટલું અને કોને કહેવું છે, વગેરે. સામાન્ય સમજ સંબંધિત ઘણા સિદ્ધાંતો છે જેમાંથી કેટલાક આ છે:

**અસ્તિત્વવાદી સિદ્ધાંતઃ** સૂજબૂઝ આધારિત નિર્ણયો લેવા, તેને અનુભવજન્ય જ્ઞાન તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય સમજ મેળવવા માટે ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમની જરૂર નથી. સામાન્ય બુદ્ધિ મેળવવા માટે કોઈ પ્રયોગશાળાની પણ જરૂર નથી.તે કુદરતી રીતે અંદરથી જ ઉદ્ભવે છે કે આપણે ચોક્કસ પરિસ્થિતિમાં શું કરવું જોઈએ. ઉદાહરણ:- લગ્ન પ્રસંગે, જો કોઈને કોઈ વિવાદ હોય, તો તેઓ બે વાર વિચારે છે અને નક્કી કરે છે કે અમે આ બાબતે પછીથી ચર્ચા કરીશું અથવા અમે અમારા ઘરે ડિનર પાર્ટીનું આયોજન કરી શકીએ અને આ બાબતે વાત કરીશું. આ રીતે આપણે આપણી સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. બીજી તરફ, જેઓ તેમની સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરતા નથી, તેઓ તે જ જગ્યાએ અન્ય લોકો સાથે ઝઘડવાનું શરૂ કરે છે, જ્યાં કોઈ મડાગાંઠ સર્જાઈ છે.

**હ્યુરિસ્ટિક નિર્ણય લેવાઃ** સ્થળ પર જ નિર્ણય લેવા અથવા અનુભવોના આધારે ઝડપથી નિર્ણય લેવા. દાખલા તરીકેઃ રાત્રિના સમયે જ્યારે તમે વાહન ચલાવી રહ્યા હોવ અને તમે શોર્ટકટ રસ્તાને બદલે હાઈવે પસંદ કરો છો, કારણ કે તમને લાગે છે કે હાઈવે પર જવું વધુ સુરક્ષિત છે. આ સામાન્ય સમજનો ઉપયોગ છે.

સોશ્યલ કોગ્નીશન એટલે કે અન્ય વ્યક્તિઓના સ્વભાવ, પાત્ર અને લાગણીઓને ધ્યાનમાં રાખીને તેમની સાથે વાર્તાલાપ કરવો અથવા કામ કરવું. દાખલા તરીકે, મસ્જિદમાં આવતા પહેલાં આપણે મોબાઈલ બંધ કરવા જોઈએ. આપણે સામાજિક પ્રવૃત્તિઓમાં કેવી રીતે સામેલ થવું જોઈએ, આ બધા મામલાઓમાં આપણે સામાન્ય સમજનો ઉપયોગ કરવો જોઈએ.

ઈસ્લામનો મૂળ સ્વભાવ સામાન્ય બુદ્ધિ પર આધારિત છે. માનવ મસ્તિષ્ક વ્યક્તિત્વનું કેન્દ્ર છે, પરંતુ દરેક વ્યક્તિ તેનો યોગ્ય રીતે ઉપયોગ કરતી નથી. કુર્આન શીખવે છે કે, અલ્લાહે આપણને બુદ્ધિની ભેટ આપી છે અને આપણે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ. તેના દ્વારા આપણે સાચો માર્ગ પ્રાપ્ત કરી શકીએ છીએ. આ સામાન્ય બુદ્ધિની મદદથી આપણે પરલોકના જીવન અને અલ્લાહ વિશે જ્ઞાન મેળવી શકીએ છીએ કે તે આપણી પાસેથી શું ઇચ્છે છે. અનુભવો, અવલોકનો પણ આપણને ઘણી બાબતો શીખવે છે. કુર્આન પણ કહે છે કે આપણે મનન, જીવનના અનુભવો, આંતરિક શક્તિના પ્રકાશથી લાભ લેવો જોઈએ. કુર્આનમાં સામાન્ય બુદ્ધિને લગતા ઘણા ઉદાહરણો છે.

દા.ત.: યાકૂબ અ.સ.ની વ્યૂહરચના જુઓ - જ્યારે તેમના ૧૧ પુત્રો બીજા શહેરમાં જઈ રહ્યા હતા ત્યારે તેમણે તેમને સલાહ આપી હતી કે શહેરમાં અલગ-અલગ દરવાજાઓથી પ્રવેશ કરો જેથી કોઈ તમને નુકસાન ન પહોંચાડે, જો અલ્લાહ ઇચ્છે તો. તેથી તેઓ તેમની સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરે છે. વ્હાલા નબી મુહમ્મદ ﷺએ કહ્યું હતું કે આપણે આપણી સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ, તેને સુધારવી જોઈએ, તેને તીક્ષ્ણ બનાવવી જોઈએ, સમાજમાં અલગ વ્યક્તિત્વ બનાવવું જોઈએ, સમજદાર બનવું જોઈએ, હોશિયાર બનવું જોઈએ. તેઓ આપણને શીખવે છે કે મસ્જિદમાં આવતી વખતે આપણે લસણ ખાવું જોઈએ નહીં કારણ કે તેની ગંધથી ઘણા લોકોને તકલીફ થાય છે, કઠે છે. બીજી હદીસમાં તેઓ કહે છે કે ફરિશ્તાઓને તકલીફ થાય છે, તેથી આપણે આપણી સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ કે આપણે લોકોને તકલીફ નહીં પરંતુ સહાનુભૂતિ આપવી જોઈએ. ઈબાદત દરમિયાન અથવા જાહેર સ્થળોએ ઘણા લોકો રૂમાલનો ઉપયોગ કર્યા વગર છીંક ખાતા હોય છે.આ રીતે તેઓ આસપાસના લોકોને તકલીફ પહોંચાડતા હતા. મુહમ્મદ ﷺએ કહ્યું કે ત્રણ બાબતો પર શ્રાપ છે અને તેમણે આ પણ કહ્યું કે આપણે તે ન કરવું જોઈએઃ

વ્હાલા નબી મુહમ્મદ ﷺએ કહ્યું હતું કે ક્યારેય બંધિયાર પાણીમાં પેશાબ ન કરવો કારણ કે તે અન્ય લોકોને અસુવિધા પહોંચાડે છે. કોઈ વ્યક્તિ બંધિયાર પાણીમાં પેશાબ કરશે અને અન્ય લોકો ત્યાં આવીને કપડાં ધોશે, તેઓ તેમાં સ્નાન કરશે, જો કે તેઓ પાણીની સ્વચ્છતા વિશે જાણતા નથી.

(અનુસંધાન 5મા પાને)

# ઈસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર : ૨૦૩

પ્ર.૧ અમ્માનના શાસક પાસે હુઝૂર સ.અ.વ.નો મુબારક પત્ર હઝરત અમ્ર રદિ. બિન આસ લઈને ગયા હતા. જણાવો કે એ પત્ર કોણે લખ્યો હતો ?

પ્ર.૨ હદીસના પ્રકારોમાં સુનન કયા પુસ્તકને કહેવામાં આવે છે?

પ્ર.૩ મુહમ્મદ અબૂ અબ્દુલ્લાહ બિન ઈસ્માઈલ બુખારી રહ.ના પુસ્તક "જામેઅ સહીહ"માં કેટલા સહાબા રદિ.થી રિવાયત નોંધવામાં આવી છે ?

પ્ર.૪ બની ઈસરાઈલ પર કયા ચાર (૪) પૈગમ્બરો મોકલવામાં આવ્યા હતા ?

---

### ક્વિઝ નં. ૨૦૩ના જવાબો

ઉ.૧ હઝરત ઉબ્બૈ બિન કઅ્બ રદિ.એ.

ઉ.૨ જે પુસ્તકમાં હદીસો ફિકહી કે ફકીહી પ્રકરણો મુજબ એકત્ર કરવામાં આવી હોય. દા.ત. સુનન અબૂ દાઊદ, સુનન ઈબ્ને માજહ વિગેરે.

ઉ.૩ ૭૬૧સહાબા રદિ.થી.

ઉ.૪ હઝરત મૂસા અ.સ., હઝરત હારૂન અ.સ., હઝરત યૂસુફ અ.સ. અને હઝરત યાકૂબ અ.સ.

**એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.**

જેણે પોતાના મનને સાફ કર્યું એ સફળ થઈ ગયો. અને ન કર્યું એ નિષ્ફળ થયો. (સૂરઃઅશ્ શમ્સ આયત ૯-૧૦)





# હઝરત ઇકરમા બિન અબી જહલ

રદિયલ્લાહુ તઆલા અન્હુ

રોશનીના મીનાર

● ડૉ. અબ્દુર્રહમાન રફત પાશા

તે સમયે જ્યારે નબીએ કરીમ ﷺએ ઇસ્લામનો પ્રચાર-પ્રસાર જાહેરમાં કરવાનું શરૂ કર્યું ત્યારે ઇકરિમા પોતાની ઉંમરના ત્રીજા દાયકામાં હતા. કુળ અને વંશના હિસાબે તેઓ કુરૈશના સૌથી આદરણીય કુટુંબમાંથી હતા અને ધન અને દૌલતના મામલે તેઓ અન્ય લોકો કરતાં ઘણા આગળ હતા. જો તેમના પિતા અવરોધ ન બન્યા હોત તો તેઓ તેમના સમકાલીન સાદ બિન અબી વક્કાસ રદિ. અને મુસ્અબ બિન ઉમૈર રદિ.ની જેમ ઘણા પહેલાં જ ઇસ્લામ સ્વીકારી ચૂક્યા હોત.

શું તમે જાણો છો કે તેમનો પિતા કોણ હતો ? તે મક્કાનો સૌથી જાહિલ અને અત્યાચારી વ્યક્તિ હતો. શિર્ક અને કુફ્રના કાફલાનો આગેવાન હતો અને મુસ્લિમો માટે સૌથી મોટી આફત અને પરીક્ષાનું કારણ હતો. અલ્લાહ તઆલાએ તેની છેતરપિંડી અને ચાલાકી દ્વારા ઇમાનવાળાઓની આજમાયશ લીધી અને તેઓ આ પરીક્ષામાં સફળ રહ્યા. તેના વિશે આટલું જ જાણવું પૂરતું છે કે તે 'અબૂ જહલ' હતો.

આ તો તેમના પિતા હતા અને તેઓ પોતે ઇકરમા બિન અબી જહલ મખઝૂમી છે. ઇકરમાને કુરૈશના થોડાક જાણીતા અને પ્રતિષ્ઠિત નેતાઓ અને પ્રખ્યાત ઘોડેસવારોમાં ગણવામાં આવતો હતો.

ઇકરમા બિન અબી જહલ પોતાને એવી સ્થિતિમાં જોયો કે તે પોતાના પિતાની ઇચ્છા મુજબ મુહમ્મદ ﷺની વિરોધ કરવા માટે મજબૂર હતો. તેથી તેણે તેમની સાથે ખૂબ જ દુશ્મનાવટભર્યો વ્યવહાર કર્યો. તેણે તેમના સાથીઓને દુઃખદ સજાઓ આપી અને મુસ્લિમો પર એવી ક્રૂર યાતનાઓ ગુજારી કે તેના પિતાની આંખો ઠંડી પડી ગઈ.

જ્યારે તેના પિતાએ બદ્રના યુદ્ધમાં કુફ્ફારના લશ્કરનું નેતૃત્વ કર્યું અને લોકોને ખાતરી આપી કે મુહમ્મદ ﷺને હરાવ્યા વિના તેઓ મક્કા પાછા નહીં ફરે, ત્યારે તેણે બદ્રના મેદાનમાં ત્રણ દિવસનો પડાવ નાખ્યો. તે દરમિયાન, તેણે ઊંટોને કતલ કરીને તેનું માંસ ખાધું અને દારૂ પીધો. તેને ખુશ કરવા માટે, દાસીઓએ ઢોલ વગાડ્યા અને ગીતો ગાયા. જ્યારે અબૂ જહલ આ યુદ્ધનું નેતૃત્વ કરી રહ્યો હતો, ત્યારે તેનો પુત્ર તેનો વિશ્વાસુ સેવક હતો, પરંતુ લોકોના દેવતાઓએ ન તો તેનો પોકાર સાંભળી અને ન તો તેની મદદ કરી. કારણ કે તેઓ સાંભળવા માટે અસમર્થ અને મદદ કરવા માટે અશક્ત હતા. તેથી તે શરમજનક રીતે માર્યો ગયો અને તેના પુત્રે જોયું કે મુસ્લિમોના તરસ્યા ભાલા તેના લોહીથી પોતાની તરસ છિપાવી રહ્યા છે. તેણે પોતાના કાનથી પિતાના ગળામાંથી નીકળતી છેલ્લી ચીસ સાંભળી હતી.

બદ્રના યુદ્ધના મેદાનમાં કુરૈશનો એક મહાન સરદાર પોતાના પિતાનું શબ છોડીને મક્કા પાછો ફર્યો. મુસ્લિમો તરફથી અપમાનજનક હાર મળ્યા પછી, તેના માટે પોતાના પિતાનું શબ લઈને મક્કામાં દફનાવવું શક્ય ન હતું. ભાગી જતાં તે અનૈચ્છિક રીતે પિતાના શબને મુસ્લિમોની દયા પર છોડી ગયા. મુસ્લિમોએ અન્ય માર્યા ગયેલા લોકો સાથે તેને પણ બદ્રના કૂવામાં ફેંકીને તેના પર રેતી નાખી દીધી. તે જ દિવસથી, ઇસ્લામ સાથે ઇકરિમાના વ્યવહારમાં બદલાવ આવ્યો. પહેલાં તે પોતાના પિતાના સમર્થનમાં ઇસ્લામનો વિરોધી હતો, પરંતુ આજથી તે બદલો લેવા માટે ઇસ્લામ સામે લડવા લાગ્યો. આ જ કારણે ઇકરિમા અને અન્ય કુરૈશના મુશ્રિકો, જેમના પિતા બદ્રના યુદ્ધમાં માર્યા ગયા હતા અને જેઓ બદલો લેવાની આગમાં બળી રહ્યા હતા, તેઓ મક્કાવાસીઓના હૃદયમાં મુહમ્મદ ﷺ વિરુદ્ધ દ્વેષ અને બદલો લેવાની આગ ભડકાવવા લાગ્યા. જેના પરિણામસ્વરૂપ ઉહદનું લોહીલુહાણ યુદ્ધ થયું.

બદ્રના યુદ્ધમાં પોતાની હારનો બદલો લેવા અને માર્યા ગયેલા લોકોનો બદલો લેવા માટે મક્કાથી કુરૈશનું એક મોટું લશ્કર રવાના થયું હતું, તેમાં ઇકરિમા પણ સામેલ થયો. તે પોતાની પત્ની ઉમ્મે હકીમને પણ સાથે લઈ ગયો જેથી તે બીજી સ્ત્રીઓ સાથે મળીને યુદ્ધના મેદાનમાં લડનારા પુરુષોની પાછળ ઊભી રહે અને જ્યારે કુરૈશના યોદ્ધાઓને હારનો ભાસ થાય ત્યારે તે ઢોલ વગાડીને તેમને લડવા માટે ઉત્સાહિત કરે અને યુદ્ધના મેદાનમાં તેમના પગ ડગમગવા ન પામે તે માટે પ્રયાસ કરે.

કુરૈશીઓએ પોતાની સેનાના ઘોડેસવાર દળની આગેવાની માટે તેની જમણા પાંખ પર ખાલિદ બિન વલીદ અને ડાબી પાંખ પર ઇકરિમા બિન અબી જહલને નિયુક્ત કર્યા. તે દિવસે આ બંને મુશ્રિક સેનાપતિઓએ એટલી બહાદુરી અને પરાક્રમ દર્શાવ્યું કે કુરૈશીઓ મુહમ્મદ ﷺ અને તેમના સાથીઓ પર ભારે પડી ગયા અને પરિણામે તેઓ વિજયી થયા. આ જીત પર અબૂ સુફિયાન આનંદથી ચીસો પાડી ઊઠ્યાં કે "આ બદ્રની લડાઈનો બદલો છે."

ખંદકની લડાઈ દરમિયાન મુશ્રિકોએ મદીનાને ઘેરી લીધું હતું. જ્યારે આ ઘેરો લાંબો ચાલ્યો ત્યારે ઇકરિમા અસહ્ય થઈ ગયો. તે ઘેરાથી કંટાળી ગયો અને ખંદકના એક સાંકડા ભાગને કૂદીને તેની બીજી બાજુએ પહોંચી ગયો. તેની પાછળ કેટલાક બહાદુર ઘોડેસવારો પણ ખંદક કૂદીને બીજી બાજુ પહોંચી ગયા. તેમાંથી અમરુ બિન અબ્દુદ આમરી નામની વ્યક્તિ મુસ્લિમોના હાથે માર્યો ગયો પરંતુ ઇકરિમા ભાગી છૂટ્યો અને તે પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યો.

અને ફતેહ મક્કાના સમયે જ્યારે કુરૈશે જોયું કે મુહમ્મદ ﷺ અને તેમના સહાબાઓ સામે તેઓ ટકી શકશે નહીં, ત્યારે તેઓએ નિર્ણય કર્યો કે તેઓ તેમના રસ્તામાંથી હટી જશે. આ નિર્ણય તેઓએ એટલા માટે લીધો કારણ કે તેમને ખબર પડી કે રસૂલુલ્લાહ ﷺએ તેમની ફોજના સેનાપતિઓને આ આદેશ આપ્યો હતો કે તેઓ મક્કાના સામાન્ય લોકોને કોઈ પણ પ્રકારે નુકસાન ન પહોંચાડે. તેઓ માત્ર તેમની સાથે લડે જે તેમની સાથે લડે. પરંતુ ઇકરિમા અને તેના કેટલાક સમર્થકોએ કુરૈશના આ નિર્ણયની વિરુદ્ધ જઈને યુદ્ધ કરવાનો નિર્ણય લીધો અને મક્કાથી નીકળી ગયા અને મુસ્લિમોની એક સેના સામે ટકરાયા. પરંતુ હઝરત ખાલિદ બિન વલીદ રદિ.એ એક નાની અથડામણ પછી તેમને હરાવીને ભાગવા માટે મજબૂર કર્યા. આ અથડામણમાં તેમના કેટલાક લોકો માર્યા ગયા અને બાકીના મેદાન છોડીને ભાગી ગયા. ભાગનારાઓમાં ઇકરિમા બિન અબી જહલ પણ હતો. તે સમયે તે ખૂબ જ આશ્ચર્ય અને ગભરાટ અનુભવી રહ્યો હતો. મક્કાના લોકોના મુસ્લિમો સામે હારી ગયા પછી તેના માટે ત્યાં કોઈ શરણાગતિનું સ્થળ બાકી રહ્યું ન હતું. રસૂલુલ્લાહ ﷺએ કુરૈશના તે બધા ગુનાઓને માફ કરી દીધા હતા જે તેમણે આપના વિરુદ્ધ કર્યા હતા. જો કે, આ સામાન્ય માફીમાંથી કેટલાક અપરાધીઓને બાકાત રાખવામાં આવ્યા હતા અને તેમના નામ લઈને હુકમ કરવામાં આવ્યો કે તેમને મારી નાખવામાં આવે, ભલે તેઓ કાબાના પડદામાં છુપાયેલા હોય. આ લોકોમાં ઇકરિમા બિન અબી જહલનું નામ સૌથી ઉપર હતું. તેથી, પોતાના જીવના ભયથી ગુપ્ત રીતે મક્કાથી નીકળી ગયો અને યમન તરફ જવા નીકળ્યો કારણ કે તેને બીજે ક્યાંય શરણ લેવાની કોઈ આશા ન'હોતી.

ઇકરિમાની પત્ની ઉમ્મે હકીમ અને હિંદ બિંત ઉત્બા દસ અન્ય સ્ત્રીઓ સાથે નબીએ કરીમ ﷺ સાથે બૈઅત કરવાના ઇરાદે આપના નિવાસસ્થાન પર આવી. તે સમયે આપની બે પત્નીઓ, આપની પુત્રી હઝરત ફાતિમા ઝુહરા અને અબ્દુલમુત્તલિબ કુટુંબની કેટલીક સ્ત્રીઓ આપની પાસે હાજર હતી. આ પ્રસંગે હિંદે પોતાનો ચહેરો ઢાંકી લીધો હતો. તેણે વાતચીત શરૂ કરતાં કહ્યું:

"હે અલ્લાહના રસૂલ ﷺ! અલ્લાહનો શુક્ર છે કે તેણે પોતાના પ્રિય દીનને ગાલિબ બનાવ્યો છે. હું આપ સાથે મારા કુટુંબી સંબંધોનો વાસ્તો આપીને આપ પાસેથી સારું વર્તન અને દયાની વિનંતી કરું છું. હું આપને માનતી એક મુસ્લિમ સ્ત્રી છું." પછી તેણીએ પોતાના ચહેરા પરથી નકાબ ઉતારીને કહ્યું, "હે અલ્લાહના રસૂલ ﷺ! હું ઉતબાની દીકરી હિંદ છું." ત્યારે રસૂલુલ્લાહ ﷺ બોલ્યા,

"હું તને મરહબા કહું છું અને તારું અભિવાદન કરું છું."

પછી તેણીએ કહ્યું,

"ખુદાની કસમ, હે અલ્લાહના રસૂલ ﷺ! આજથી પહેલાં ધરતી પર એવું કોઈ ઘર ન'હોતું જેની શરમ અને અપમાન મને આપના ઘરની શરમ અને અપમાન કરતાં વધુ ગમતું હોય. પરંતુ હવે એવું છે કે દુનિયાનું કોઈ ઘર મારા માટે આપના ઘર કરતાં વધુ માનનીય નથી."

ત્યારબાદ ઇકરિમાની પત્ની ઉમ્મે હકીમ ઊભી થઈ. પહેલાં તો તેણીએ પોતાનો ઇસ્લામ કબૂલ કર્યો. પછી આમ કહ્યું: "હે અલ્લાહના રસૂલ ﷺ! ઇકરિમા આ ડરથી ભાગી ગયા છે કે તમે તેમને મારી નાખશો. હે અલ્લાહના રસૂલ ﷺ! આપ તેમને અમાન આપો, અલ્લાહ આપને અમાન આપશે."

આપ ﷺએ તેની વિનંતી સાંભળીને ફરમાવ્યું: "ઇકરિમા બિન અબી જહલને અમાન આપવામાં આવે છે."

(વધુ આવતા અંકે)

Janab Infotech
Dealing in New & Refurbished Laptop, Computer, IT Solutions - Sales & Service
Jalees Ahmed M.: 9173660786

મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૮૯૮૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્કસ
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

સાપ્તાહિક શાહીન
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ


કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

# મુસ્લિમ દુકાનદારોનો બહિષ્કાર, વક્ફની જમીન પર મહાકુંભ ?

મહાકુંભને લઈને અનેક પ્રકારના દાવાઓ સામે આવ્યા છે. એક તરફ કટ્ટરપંથી સંગઠનો તરફથી આ મેળામાં મુસ્લિમ દુકાનદારોને રોકવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, તો બીજી તરફ કહેવામાં આવી રહ્યું છે કે આ મેળાનો મોટો ભાગ વક્ફની જમીન પર લાગે છે. મુસ્લિમ સમાજનું માનવું છે કે હિંદુત્વવાદી સંગઠનો અને ભાજપા સત્તા શક્તિનો ઉપયોગ કરીને દેશભરમાં મોજૂદ વક્ફ સંપત્તિઓ પર કબજો કરવા માંગે છે. સંઘના યોગશાળામાં તૈયાર થયેલા નારા 'લેન્ડ જિહાદ'ની આડમાં વક્ફ સંપત્તિઓ પર કબજો કરવા અને તેને મુસ્લિમો પાસેથી છીનવી લેવાની સાજિશ ભાજપા અને તેના કટ્ટરપંથી સંગઠનો કરી રહ્યા છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રિઝવીનું કહેવું છે કે મહાકુંભનું આયોજન વક્ફની ૫૪ બીઘા જમીન પર થઈ રહ્યું છે, પરંતુ મુસ્લિમોને આથી કોઈ વાંધો નથી, જ્યારે બીજી તરફ અખાડા પરિષદ અને અન્ય બાબાઓ મુસ્લિમોના મેળામાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવી રહ્યા છે. તેમણે મુસ્લિમોની જેમ મોટું હૃદય દર્શાવવું જોઈએ. માલૂમ થાય કે ગત ૪ નવેમ્બરના રોજ પ્રયાગરાજમાં ભારતીય અખાડા પરિષદની બેઠકમાં એક પ્રસ્તાવ પાસ કરીને કહેવામાં આવ્યું હતું કે કુંભ મેળામાં માત્ર સનાતનીઓને જ પ્રવેશ મળશે. કોઈ પણ મુખૂટો લગાવીને ખોટી રીતે કુંભ મેળામાં પ્રવેશ કરી સનાતન સંસ્કૃતિ અને પરંપરાને દૂષિત કરી શકે છે. આ વિવાદિત નિવેદન બાદથી જ સતત મહાકુંભમાં મુસ્લિમ દુકાનદારો-કારોબારીઓના પ્રવેશ પર વિવાદ છેડાયો છે. જો કે વક્ફ બોર્ડ તરફથી આ અંગે કોઈ નિવેદન આવ્યું નથી.

*(સૌજન્ય: કાન્તિ સાપ્તાહિક)*

# અમવા દ્વારા જાગૃતિ શિબીર યોજાઈ



અહમદાબાદ : અમવા દ્વારા પાયોરિયા અને દાંતનો સડો અંગે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૮/૧/૨૫ના રોજ અમવા આયોજિત ફૂડ ટ્રેનિંગ પ્રોગ્રામ અને જાગૃતિ શિબિરમાં નિષ્ણાંત વક્તા ડૉ શબાન ખાને (પિરિયોડોન્ટિસ્ટ અને ઈમ્પ્લાન્ટોલોજિસ્ટ) અને કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટીસ્ટ્રીના આસિસ્ટન્ટ પ્રોફેસર)એ પાયોરિયા: લક્ષણો, જાગૃતી અને સાવચેતી અંગે છણાવટ કરી હતી. અન્ય નિષ્ણાત મહેમાન ડૉ. ઉરૂજ દેસાઈ ખાને (એન્ડોડોન્ટિસ્ટ અને એસ્થેટિક ડેન્ટિસ્ટ અને કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટીસ્ટ્રીના આસિસ્ટન્ટ પ્રોફેસર)એ 'દાંતનો સડો : કારણો અને ઉપાયો' અંગે સરળ ભાષામાં ઉપયોગી ઉદબોધન કર્યુ હતું.

કાર્યક્રમમાં પ્રધાનમંત્રી કૌશલ્ય યોજના અંતર્ગત શેરીઓમાં ખોરાકી ચીજવસ્તુઓ વેચનારાઓ માટેના તાલીમ વર્ગની ફેકલ્ટી મીનુ કુમારજી (Assessro, Haryana), ડો.રજની સિંઘ રાજવાત Research Officer, Jaipur, Rajasthan), ડો. નેહા અવસ્થી (Add. State Programme Officer, SIHFW, Jaipur) અને I.T. ટ્રેનર વિશાલ ચૌધરીએ સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. ધી મહેર ક્રેડિટ એન્ડ સપ્લાય કો- ઓપરેટીવ સો. લિમિટેડના પ્રમુખ મોહમ્મદ શરીફ દેસાઈએ સૌને આવકાર પ્રવચન કર્યું હતું.

(અનુસંધાન બીજા પાને)

Irfan Memon
Riyaz Memon
We give the purity GOLD, SILVER & DIAMOND
98246 41965
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura

ALIF GOLD PALACE
-: Stay Updated with us :-
9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

ALIF SILVER & DIAMOND
LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting
-: Stay Updated with us :-
6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

# ગણેર ગામના આદિવાસી બાળકોને સ્વેટરનું વિતરણ



લાંબડીયા મુસ્લિમ સમાજ અને જમાઅતે ઈસ્લામી હિંદ દ્વારા પોશીના તાલુકાની ગણેર પ્રાથમિક શાળામાં આદિવાસી બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું. તારીખ ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુરૂવારના દિવસે યોજાયેલા આ કાર્યક્રમમાં આચાર્ય બિપિન ભાઈ તથા શાળાના સ્ટાફ ઉપરાંત લાંબડીયા મુસ્લિમ સમાજના પ્રમુખ હાજી યાકુબ ભાઈ અને જમાઅતે ઈસ્લામી હિંદ લાંબડીયાના પ્રમુખ હાજી પરવેજ અહમદ, મૌલાના અબ્દુર્રશીદ નદવી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શાળાના તમામ બાળકો અને ગણેર ગામના આગેવાનોએ હાજરી આપીને પ્રોગ્રામને સફળ બનાવ્યો. શાળા પરિવારે આવેલા મહેમાનોનું આદર સાથે સન્માન કર્યું અને આચાર્યશ્રીએ આભાર વ્યક્ત કરીને કાર્યક્રમને પૂર્ણ કર્યો. લાંબડીયા મુસ્લિમ સમાજ દ્વારા સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું.

# JIH, ગુજરાત દ્વારા યુનુસભાઈ પટેલને ખિરાઝે અકિદત



અહમદાબાદ : યુનુસ પટેલ સાહેબના અવસાનના સમાચાર ખરેખર ખૂબ જ દુઃખદ છે. યુનુસ પટેલ સાહેબ વર્લ્ડ ભરૂચી વ્હોરા ફેડરેશનના ઈન્ડિયા ચેપ્ટરના પ્રમુખ ઉપરાંત કોંગ્રેસના વિવિધ હોદ્દાઓ ઉપર કામ કરતા રહ્યા છે. તેઓએ સમાજ પ્રત્યેની જવાબદારી ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. તેમની રાજકીય કુનેહ ખૂબ જ સારી હતી તેમનું સામાજિક પાસું ખૂબ જ મજબૂત રહ્યું છે. મુસ્લિમ સમુદાય પ્રત્યે ખૂબ જ વધારે સહાનુભૂતિ તેમના કાર્યો દ્વારા સ્પષ્ટ અનુભવાતી હતી. શિક્ષણ માટે તેઓ ખૂબ જ ચિંતિત રહેતા હતા અને શિક્ષણ માટે તેમનું યોગદાન પરિણામલક્ષી રહ્યું છે. માત્ર ભરૂચ જ નહીં સમગ્ર ગુજરાતનો એક સામાજિક રાજકીય આગેવાન ગુમાવ્યા હોવાની અનુભૂતિ અનુભવાઈ રહી છે. જમાઅતે ઈસ્લામી હિંદ ગુજરાત અલ્લાહથી મર્હૂમની મગફીરત માટે દુઆ કરે છે એમ એક યાદી દ્વારા મીડિયા સચિવ અરશદ હુસૈને જણાવ્યું છે.

મો. આદીલ : 9900007867
શાહ-એ-આલમ ટ્રેડીંગ કંપની
તીરૂપતી
ગુલાબ
ફોર્ચ્યુન
સફોલા
પામોલીન
અંકુર

તેલના છુટક તથા જથ્થાબંધ વહેપારી
મોહંમદી સોસાયટીની સામે, શાહ-એ-આલમ, અહમદાબાદ-૩૮૦૦૨૮

Printed and Published : ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.